

વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/-

# ઘનશ્યામ

૧૦ જૂન, ૨૦૨૩ ● વર્ષ : ૪૮
● અંક : ૦૬

## હરિકૃષ્ણ મહારાજ સંગે ગુરુજીનું દુબઈ–આફ્રિકા ખાતે દિવ્ય સત્સંગ વિચરણ




(૧-૭) મહેસાણા તથા વડોદરા ખાતે અનુક્રમે વ્હાલા ગુરુજીનું ઝોનલ વિચરણ (૮) વાઘોડિયા (વડોદરા) ખાતે નૂતન સિંહાસન ઉદ્ઘાટન કરતા વ્હાલા ગુરુજી




# ઘનશ્યામ

૧૦ જૂન, ૨૦૨૩ ● વર્ષ : ૪૮ ● અંક : ૦૬

SMVS

# GHANSHYAM

10 June, 2023 • Year : 48 • Edition : 06

સને ૧૯૭૬, જાન્યુઆરી માસથી પ્રારંભ પામેલ આ 'ઘનશ્યામ' સામયિક એ કારણ સત્સંગના જ્ઞાન, ઉપાસના અને સિદ્ધાંતોની પુષ્ટિ કરતું એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે જે દર માસની દસમી તારીખે પ્રકાશિત થાય છે.

પ્રકાશક : સાધુ ભક્તવત્સલદાસ
મુદ્રક : સાધુ પૂર્ણસ્વરૂપદાસ
માલિક : સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)
મુદ્રણ : વાઈબ્રન્ટ ઈમેજ, અમદાવાદ
આદ્ય સ્થાપક : શુદ્ધ ઉપાસના પ્રવર્તક
અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી
(ગુરુદેવ પ.પૂ. બાપજી)
પ્રેરક : પ.પૂ. અ.મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી
(ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી)
તંત્રી : નરેન્દ્રભાઈ આર. ત્રિવેદી
સહતંત્રી : સાધુ રાજીપાસ્વરૂપદાસ
સંપાદક : સાધુ નિર્ગુણજીવનદાસ
લેખનકાર્ય : લેખકવૃંદ


## અનુક્રમણિકા...


૦૪ દિવ્યવાણી

૦૭ કોઈનું હૈયું ન કકળાવીએ

૧૦ સુખ આપણા હાથમાં છે

૧૩ વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે ગુરુજીનું આફ્રિકા-દુબઈ ખાતે સત્સંગ વિચરણ


'GTPL-ભક્તિ' ચૅનલ નં - ૫૫૧ ઉપર દરરોજ સવારે અને રાત્રે ૮:૩૦થી ૯:૦૦ તથા દર એકાદશી તેમજ પૂનમના સમૈયામાં રાત્રે ૮:૩૦થી ૧૦:૩૦ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનો લાભ મળશે.


**પત્રવ્યવહાર માટેનું સરનામું :**
ઘનશ્યામ કાર્યાલય, સ્વામિનારાયણ ધામ, કોબા-ગાંધીનગર હાઈવે, ગાંધીનગર-૭ Visit : www.smvs.org | Email : magazine@in.smvs.org



કુલ પેજ : ૨૪ + ૪ ટાઈટલ = ૨૮


ઘરે બેઠા ઑનલાઇન ઘનશ્યામ મેળવવા માટે આપનું નામ, સેન્ટર તથા વૉટ્સઍપ નંબર આજે જ વૉટ્સઍપ કરો :
૯૪૦૮૩૨૦૦૩૬



# દિવ્યવાણી

**તા. ૫-૫-૨૦૨૩ની ગુરુજીની દિવ્યવાણીમાંથી સંકલિત**

**સ્વામિનારાયણ સંપ્રદાયનો સર્વોત્તમ ગ્રંથ વચનામૃત એટલે સુપ્રીમ કોર્ટનો ચુકાદો. વચનામૃતના પાને પાને શ્રીજીમહારાજે સર્વોપરી ઉપાસના અને અનાદિમુક્તની સ્થિતિની વાતોના સૂર રેલાવ્યા છે. પરંતુ તેને સમજવા માટે અનુભવી સત્પુરુષ જોઈએ. વર્તમાનકાળે વચનામૃતમાં ઉલ્લેખાયેલ શ્રીજીવદિત અનાદિમુક્તની સ્થિતિની વાતો પર પ્રકાશ પાથરનાર દિવ્ય સત્પુરુષ એટલે વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી.**

**તા. ૫–૫–૨૦૨૩ને શુક્રવારના રોજ પૂનમની સભામાં વ્હાલા ગુરુજીએ ગઢડા પ્રથમના ૧૮મા વચનામૃત પર અદ્‌ભુત લાભ આપી અનાદિમુક્તની સ્થિતિ પામ્યાનો રાજમાર્ગ જણાવ્યો હતો. તેને વાગોળી, મનન કરી, તે પ્રમાણે વર્તવાના આગ્રહી બનીએ.**

**“સ્વામિનારાયણ હરે, સંવત ૧૮૭૬ના માગશર વદિ ૬ છઠને દિવસ રાત્રિ પાછલી પોહોર એક બાકી હતી ત્યારે સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં આથમણે બારણે ઓરડાની ઓસરીને આગળ ફળિયામાં ઢોલિયા ઉપર વિરાજમાન છે ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં છે.**

**પછી પરમહંસ તથા સત્સંગીને તેડાવ્યા ને ઘણી વાર સુધી તો પોતે વિચારી રહ્યા ને પછી બોલ્યા જે, એક વાત કહીએ તે સાંભળો.”**

આહાહા !! ધન્ય હો, શ્રીજીમહારાજના આગ્રહને ! ધન્ય હો, સંતો-હરિભક્તોની મુમુક્ષુતાને ! રાત્રિ પાછલી પહોર એક બાકી હતી ત્યારે અર્થાત્ સવારના ૩ વાગ્યે મહારાજે સભા ભરી સંતો-હરિભક્તોને તેડાવ્યા. મહારાજની અમૃતવાણી સાંભળવા સર્વે તત્કાળ દોડી આવ્યા. ત્યારબાદ મહારાજ ઘણી વાર સુધી વિચારી રહ્યા. શું વાત કરવી એ નહોતું વિચારવાનું પરંતુ જે વાત મનમાં ધારી હતી તે સૌની આગળ કરવી કે નહીં ? તે વિચારી રહ્યા હતા. અંતે મહારાજ રહી ન શક્યા એટલે કહ્યું, **“એક વાત કહીએ તે સાંભળો : એમ કહીને શ્રીજીમહારાજ બોલ્યા જે, અમારા મનમાં તો એમ થાય છે જે વાત ન કહીએ પણ તમે અમારા છો માટે જાણીએ છીએ જે કહીએ જ, અને આ વાત છે તેને સમજીને તે જ પ્રમાણે વર્તે તે જ મુક્ત થાય છે ને તે વિના તો ચાર વેદ, ષટ્ શાસ્ત્ર ને અઢાર પુરાણ ને ભારતાદિક ઇતિહાસ તેને ભણવે કરીને તથા તેના અર્થને જાણવે કરીને અથવા તેને શ્રવણે કરીને પણ મુક્ત થાય નહીં.”**

શ્રીજીમહારાજે જજમૅન્ટ આપી દીધું કે આ વાત માત્ર સાંભળી લેવાથી, સમજી લેવાથી કે બીજાને સમજાવી દેવાથી કદાચ પંડિત થવાશે, વિદ્વાન કે કથાકાર થવાશે પરંતુ



સ્થૂળ દેહની ચંચળતા ટળે તો જ સૂક્ષ્મ દેહની ચંચળતા ટળે.

અનાદિમુક્ત નહિ થવાય. માટે સાધુ હોય કે હરિભક્ત; જેને અનાદિમુક્તની સ્થિતિ પામવી હશે તેને આ વાત પ્રમાણેનું વર્તન કરવું જોઈશે. પ્રારંભમાં જ મહારાજે સૌને વાત માત્ર KLમાં (knowledge in lifeમાં) ન રાખતાં PL (practicle in life) કરવા માટેની ભલામણ કરી દીધી.

**પછી મહારાજે મુદ્દાની વાત કરી કે, "અમે હૃદયમાં વિચાર કર્યો જે ભગવાનના ભક્તના હૃદયમાં વિક્ષેપ થાય છે, તેનું કારણ તે શું છે ?"**

અર્થાત્ ભગવાનના ભક્તના હૃદયમાં ક્યારેક ધ્યાન-ભજન કરવાની ઇચ્છા થાય છે, ક્યારેક નથી થતી. ક્યારેક કામાદિકના-વાસનાના સંકલ્પો થાય છે, ક્યારેક ખૂબ જ સત્ત્વગુણના સંકલ્પો થાય છે, ક્યારેક ઉદ્વેગ-અશાંતિ વર્તે છે, ક્યારેક ખૂબ જ શાંતિનો અનુભવ થાય છે. આવી up-down પરિસ્થિતિ સર્જાવાનું કારણ શું છે ?

**"પછી મન, બુદ્ધિ, ચિત્ત ને અહંકાર સામું જોયું ત્યાં તો એ અંતઃકરણ પણ ઉદ્વેગનું કારણ નથી; અંતઃકરણમાં તો ભગવાનના સ્વરૂપના નિશ્ચયનું બળ અથવા આત્મજ્ઞાનનું બળ તેને યોગે કરીને અંતઃકરણને ગાફલતા રહે છે જે, ભગવાન મળ્યા છે તે હવે કાંઈ કરવું નથી, એવું ગાફલપણું રહે છે એટલો જ અંતઃકરણનો વાંક છે. અને ઝાઝો વાંક તો પંચ જ્ઞાન ઇન્દ્રિયોનો છે. તેની વિગતિ કહીએ છીએ જે, એ જીવ જે નાના પ્રકારનાં ભોજન જમે છે તે ભોજન ભોજન પ્રત્યે જુદા જુદા સ્વાદ છે, અને જુદા જુદા ગુણ છે તે ભોજનને જ્યારે જમે છે ત્યારે તે ગુણ અંતઃકરણમાં તથા શરીરમાં પ્રવર્તે છે."**

અહીં મહારાજે પાંચ જ્ઞાનેન્દ્રિય – આંખ, કાન, નાક, જીભ ને ત્વચાને વિક્ષેપનું કારણ કહ્યું છે. આંખનો આહાર રૂપ, કાનનો આહાર શબ્દ, નાકનો આહાર ગંધ, ત્વચાનો આહાર સ્પર્શ તથા જીભનો આહાર રસ છે. ઇન્દ્રિયો દ્વારે જેવો આહાર શરીરમાં જાય છે તેવા પ્રકારનું અંતઃકરણ થઈ જાય છે. શુદ્ધ આહાર લેવાથી અંતઃકરણની શુદ્ધિ થાય છે અને અશુદ્ધ આહારના ભોગથી અંતઃકરણ ભ્રષ્ટ થઈ જાય છે.

જાણે-અજાણે અશુદ્ધ આહાર લેવાઈ જાય તો તરત ખબર પડી જાય કે હં... આ મહારાજના રાજીપા બહારના ગંદા વિચારો શરૂ થયા. આ વિચારથી મહારાજ રાજી ન થાય, આવી ક્રિયાથી મહારાજ રાજી ન થાય. છતાં તેના પર સંયમ કેળવી શકતા નથી તેનું કારણ, અંતઃકરણની અશુદ્ધિ છે. પરિણામે ભજન-ભક્તિ આદિ સાધનો યંત્રવત્ થયા કરે. પરંતુ સાધ્ય સ્વરૂપ એવા મહારાજ સાથે જોડાણ ન થાય. આગળ મહારાજ પાંચ જ્ઞાનેન્દ્રિયોના આહાર ને તેના પરિણામની વિગત કહે છે.

**૧. શબ્દ : "જેમ કોઈક હત્યારો જીવ હોય અથવા કોઈક પુરુષ વ્યભિચારી હોય, અથવા કોઈક સ્ત્રી વ્યભિચારિણી હોય, અથવા લોક ને વેદની મર્યાદાને લોપીને વર્તતો એવો કોઈક ભ્રષ્ટ જીવ હોય, તેની જે વાત સાંભળવી તે તો જેવી લીલાગર ભાંગ્ય પીએ અથવા દારૂ પીએ એવી છે. માટે તે વાતના સાંભળનારાના અંતઃકરણને ભ્રષ્ટ કરી નાખે છે, ને ભગવાનનું ભજન, સ્મરણ તથા વર્તમાન તેની વિસ્મૃતિ કરાવી નાખે છે."**

શ્રીજીમહારાજ સુરત પધાર્યા હતા. એક હરિભક્તે પોતાને ઘેર પધરામણી માટે મહારાજને પ્રાર્થના કરી. ત્યારે સાથે રહેલા એક હરિભક્તે કહ્યું, "મહારાજ, એના ઘેર જવાય એવું નથી. જે રસ્તેથી એના ઘેર જવાનું છે તે રસ્તામાં મિરઝાનો મહોલ્લો આવે છે. ત્યાં વર્તમાનભ્રષ્ટ સ્ત્રીઓ રહે છે." મહારાજે કહ્યું, "અમે એના પ્રેમને વશ થઈ વચન આપી દીધું છે એટલે જવું તો પડશે જ. માટે પાંચ મોટેરા સંતો અને બે-ત્રણ હરિભક્તોને સાથે લઈ જઈશું. બધાએ નીચું જોઈને કાનમાં આંગળી નાખીને જવાનું ને એ જ રીતે પાછા આવવાનું." મહારાજના કહ્યા મુજબ સંતો-હરિભક્તો મહારાજ સાથે પધરામણીએ જવા માટે નીકળ્યા. પરંતુ મિરઝાનો મહોલ્લો આવતાં એક સંગીતજ્ઞ સંતના ચરણમાં કાંટો વાગ્યો. તેને કાઢવા આંગળી કાનમાંથી બહાર કાઢી. ત્યાં વ્યભિચારિણી સ્ત્રીઓના ગાયનના શબ્દો સંતના કાને પડતાં અંતઃકરણ ભ્રષ્ટ થઈ ગયું. તેઓ ત્યાં જ ઊભા ઊભા નાચવા લાગ્યા. આગળ જતાં મહારાજને ખ્યાલ આવ્યો એટલે મહારાજે પાછા જઈ તેમનો હાથ પકડી કહ્યું, "સ્વામી, શું થયું ? ભાન ભૂલી ગયા કે હું કોણ છું ?" સ્વામી મહારાજનો સ્પર્શ થતાં સભાન થયા ને ખૂબ રડ્યા કે મારાથી આ શું ભૂલ થઈ ગઈ ! મહારાજે કહ્યું, "સ્વામી, તમારો વાંક નથી. આ વ્યભિચારિણી બાઈઓના શબ્દો કાને પડ્યા તેથી આ દશા થઈ !"

કલ્પના કરીએ... એક સંતના અંતઃકરણને પણ વ્યભિચારિણી સ્ત્રીનો અવાજ ભ્રષ્ટ કરી નાખતો હોય તો અત્યારે સૌ કોઈના ખિસ્સામાં રહેલા મોબાઇલનાં સંગીત સાંભળવાથી અંતઃકરણ કેટલું ભ્રષ્ટ થઈ જાય ! મોબાઇલ તો આંખ અને કાન બંનેને ભ્રષ્ટ કરી નાખનારું સાધન છે. એનાથી સાવધાન રહીએ. મોબાઇલ, ઇન્ટરનેટ જેવા આધુનિક ઉપકરણોનો ખૂબ વિવેકપૂર્ણ ઉપયોગ કરીએ.

**૨. સ્પર્શ : "તેમ જ ત્વચાના સ્પર્શ પણ અનંત પ્રકારના છે, ને તેના ગુણ પણ જુદા જુદા અનંત પ્રકારના છે. તેમાં પાપી જીવનો જે સ્પર્શ તે જ ભાંગ્ય-દારૂના જેવો છે, માટે તે સ્પર્શનો કરનારો હરિભક્ત હોય તેની પણ શુદ્ધ-બુદ્ધને ભુલાડી દે છે."**

સુરેન્દ્રનગર જિલ્લાના મેથાણ ગામના પૂજારી જીવરાજભાઈ તળાવે સ્નાન કરી મંદિરે જઈ રહ્યા હતા. રસ્તામાં

એક ભ્રષ્ટ વૈરાગી ધોતી પહેરેલી એવા ઉઘાડા શરીરે તેમને ભેટી પડ્યો. ત્યાં પૂજારીને અખંડ મહારાજની મૂર્તિ દેખાતી હતી તે ચાલી ગઈ. ૨૦ વર્ષની સાધનાને અંતે સિદ્ધ કરેલી મૂર્તિ ભ્રષ્ટ વૈરાગીના સ્પર્શથી ચાલી ગઈ.

એક દિવસ મેથાણ ગામે અવદાતાનંદ સ્વામી પધારેલા. તેમને વાત કરી. ખૂબ રડ્યા. બીજા દિવસે સવારે સ્નાનાદિક ક્રિયા બાદ સ્વામી તેમને મળ્યા (ભેટ્યા) ત્યારે મહારાજની મૂર્તિ આવીને બિરાજમાન થઈ. માટે જેનો તેનો, જ્યાં ત્યાં સ્પર્શ કરવામાં પણ ખૂબ સાવધાન રહેવું.

**૩. રૂપ : "તેમ જ રૂપ પણ અનંત પ્રકારનાં છે ને તેના ગુણ પણ અનંત પ્રકારના જુદા જુદા છે, તે કોઈક ભ્રષ્ટ જીવ હોય ને જો તેનું દર્શન થયું હોય તો જેમ લીલાગર ભાંગ્ય તથા દારૂ પીધે ભૂંડું થાય તેમ જ તે પાપીના દર્શનના કરનારાનું પણ ભૂંડું જ થાય ને બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે."**

મહારાજની માણકી ઘોડી સાચવનારા નાજા જોગિયા અખંડ મહારાજની મૂર્તિ દેખતા. તેમણે બે-ત્રણ વખત સાંભળ્યું કે ભડલીનો ભાણખાચર કેવો ઊંચો-કદાવર છે ! એમને ભાણખાચરને જોવાની ઇચ્છા થઈ. એક દિવસ ભડલીની સીમમાંથી પસાર થતા હતા ત્યાં કોઈએ કહ્યું, "જો પેલો દેખાય તે ભાણખાચર છે." નાજા જોગિયાએ બે-ત્રણ મિનિટ એક નજરે ભાણખાચરને જોયા ત્યાં અખંડ દેખાતી મહારાજની મૂર્તિ ચાલી ગઈ. દાદાખાચરના વેરી એવા ભાણખાચરનું રૂપ પેસી ગયું ને મૂર્તિ દેખાતી બંધ થઈ ગઈ.

ભાણખાચરનું રૂપ મૂર્તિ ભુલાવી દેતું હોય તો કલ્પના કરીએ ગંદા વિડિયો, ગંદાં ચલચિત્રો કે આકૃતિઓ જોવાઈ જાય તો અંતઃકરણ કેટલું ભ્રષ્ટ કરી નાખે ! મહારાજ અને મોટાપુરુષ વર્ષોથી આપણને સ્થિતિ કરાવવા દાખડો કર્યા કરે છે. પરંતુ આપણે આંખ-કાન દ્વારા કચરો નાખીને તેમના દાખડા પર બુલડોઝર ફેરવી દઈએ છીએ. વિષ તો એક વખત મારે પરંતુ વિષય તો અનેક વખત મારે. માટે આવી ગંદકીથી દૂર રહેવું જોઈએ.

**૪. રસ :** ઉમરેઠમાં વિદ્વત્ સભા ચાલતી હતી. મહારાજે સદ્. ગોપાળાનંદ સ્વામીને વડતાલથી વિદ્વત્ સભામાં મોકલેલા. પરંતુ સ્વામી જેવા મહાસમર્થ સદ્ગુરુ સળંગ ત્રણ દિવસ હાર્યા. સંતોને ચિંતા પેઠી એટલે તાત્કાલિક વડતાલ મહારાજને કાગળ લખી મોકલ્યો. રાત્રે ૧૨ વાગે મહારાજ ઘોડે સવાર થઈ પધાર્યા અને સંતોને કહ્યું, "સંતો, તમે જે ઘરનું ભોજન જમાડો છો તે અશુદ્ધ છે. માટે તાત્કાલિક નંદુભાઈના ઘરે જતા રહો. ત્યાં થાળ કરી જમાડજો." મહારાજની આજ્ઞા પ્રમાણે નંદુભાઈના ઘરે થાળ કરી જમાડ્યું. બીજા દિવસે બે કલાકમાં જ સદ્. ગોપાળાનંદ સ્વામીની જીત થઈ. ત્રણ ત્રણ દિવસથી હાર થતી હતી તેનું કારણ અશુદ્ધ આહાર હતો.

આપણે હોટલ, લારી-ગલ્લાનું, જેના તેના હાથનું ભોજન લઈએ તો આપણું અંતઃકરણ કેટલું ભ્રષ્ટ થઈ જાય તે વિચાર કરવો ને બજારુ ખાણી-પીણીનો સદંતર ત્યાગ કરવો. વિવિધ વાનગીઓ ઘરે બનાવી ઠાકોરજીને ધરાવી જમાડવી.

**૫. ગંધ : "તેમ જ ગંધ પણ અનંત પ્રકારના છે. ને તેના ગુણ પણ અનંત પ્રકારના છે. તે જો પાપી જીવના હાથનું પુષ્પ અથવા ચંદન તેની જો સુગંધી લે તો જેમ લીલાગર પીધે બુદ્ધિ ભ્રષ્ટ થાય તેમ જ બુદ્ધિ ભ્રષ્ટ થાય છે."**

આમ, પાંચે ઇન્દ્રિયોને યોગ્ય-અયોગ્ય વિચાર્યા વિના જે મોકળી મેલશે તેનું અંતઃકરણ ભ્રષ્ટ થઈ જશે. અને પંચ ઇન્દ્રિયો દ્વારે જીવ જે આહાર કરે છે તે આહાર જો શુદ્ધ કરશે તો અંતઃકરણ શુદ્ધ થાશે અને અંતઃકરણ શુદ્ધ થાશે તો અખંડ ભગવાનની સ્મૃતિ રહેશે. અને જો પંચ ઇન્દ્રિયોના આહારમાંથી એકે ઇન્દ્રિયોનો આહાર મલિન થાય છે તો અંતઃકરણ પણ મલિન થઈ જાય છે. માટે ભગવાનના ભક્તને ભગવાનના ભજનને વિષે જે કાંઈ વિક્ષેપ થઈ આવે છે તેનું કારણ તે પંચ ઇન્દ્રિયોના વિષય જ છે પણ અંતઃકરણ નથી.

આગળ મહારાજે ઇન્દ્રિયોના આહારની શુદ્ધિ રાખવાની ભલામણ કરતાં કહ્યું કે, **"અને આ જે અમારું વચન છે તે ભલા થઈને સર્વે જરૂર રાખજ્યો, તો જાણીએ તમે અમારી સર્વે સેવા કરી. અને અમે પણ તમને સર્વેને આશીર્વાદ દેશું, ને તમો ઉપર ઘણા પ્રસન્ન થાશું. કાં જે તમે અમારો દાખડો સુફળ કર્યો. અને ભગવાનનું ધામ છે, ત્યાં આપણ સર્વે ભેળા રહેશું. અને જો એમ નહિ રહો તો તમારે ને અમારે ઘણું છેટું થઈ જાશે અને ભૂતનું કે બ્રહ્મરાક્ષસનું દેહ આવશે ને હેરાન થાશો અને જે કાંઈ ભગવાનની ભક્તિ કરી હશે તેનું ફળ તો રઝળતાં રઝળતાં કોઈક કાળે પ્રગટ થાશે, ત્યારે પણ અમે વાત કરી તે પ્રમાણે રહેશો ત્યારપછી મુક્ત થઈને ભગવાનના ધામમાં જાશો."**

આમ, અનાદિમુક્તની સ્થિતિ પામવાનો રાજમાર્ગ બતાવી મહારાજે પોતાના આશ્રિતમાત્રને તે પ્રમાણે વર્તવાનો અતિશે આગ્રહ જણાવ્યો છે. આપણે અનાદિમુક્તની સ્થિતિ પામવાના માર્ગે આગળ વધ્યા છીએ ત્યારે આપણે પણ પંચ ઇન્દ્રિયોના આહાર અતિશે શુદ્ધપણે રાખવાના પ્રયાસમાં મંડ્યા રહીએ. મોબાઇલ, ઇન્ટરનેટના અવિવેકપૂર્ણ ઉપયોગથી ચેતતા રહીએ એ જ મોટાપુરુષનો દાખડો ઓછો કરાવ્યાનો ને અનાદિમુક્તની સ્થિતિના માર્ગે આગળ વધ્યાનો એકમાત્ર સરળ ઉપાય છે.



ઇન્દ્રિયોના નિગ્રહથી અંતઃકરણ પવિત્ર બને છે.



# કોઈનું હૈયું ન કકળાવીએ

સાસણગીરની વનરાજી આનંદમાં મહાલતી હતી. એ પ્રદેશના ખુશનુમા વાતાવરણનું રહસ્ય એક ખાનદાન અને સંપૂર્ણ નિઃસ્વાર્થપણે જીવતી 'મા'ની સુવાસ.

આ અમૃતાબાઈ વ્યવહારે દુર્બળ હતાં પણ અંતરથી અમીરાઈ છલકાતી હતી. પતિદેવ નાની ઉંમરે પ્રભુના ધામે સિધાવતાં દીકરાની સંપૂર્ણ જવાબદારી અમૃતાબાઈ પર આવી પડી. સાસરી પક્ષ તથા પિયર પક્ષ બંને સ્વાર્થનાં સગાં નીકળ્યાં. તેથી અમૃતાબાઈ પોતાના એકના એક પુત્રને સંસ્કાર આપવા અને ભણાવવા પેટે પાટા બાંધીને રોજના ૧૫થી ૧૮ કલાક કાળી મજૂરી કરતાં. અને એક દિવસ 'મા'ની મહેનત રંગ લાવી. દીકરો કૉલેજની પરીક્ષાનું પરિણામ લઈ ઘરે આવ્યો. દીકરો પ્રથમ નંબરે પાસ થયો છે તેવું જાણી માનું હૈયું આનંદના હિલોળે ચઢ્યું. મા દીકરાને કંસાર બનાવી પીરસતી હતી ત્યારે દીકરાએ 'મા'ને કહ્યું, ''મા, મારે આગળ ભણવા વિદેશ જવું છે પણ...'' ત્યારે અમૃતાબાઈ બોલ્યાં, ''બેટા, પણ શું...? તું જરીયે ચિંતા ન કર. મને પ્રભુમાં શ્રદ્ધા છે કે શરીરમાં જ્યાં સુધી લોહીનું ટીપું પણ હશે ત્યાં સુધી મહેનત-મજૂરી કરી તને પરદેશ મોકલીશ.''

દીકરાને પરદેશ ભણાવવા 'મા'એ પોતાના દાગીના, ઘરનું રાચરચીલું તથા કીમતી ચીજવસ્તુ વેચી દીધી. વળી, શરીર તૂટી જાય એવી કમરતોડ મજૂરી કરી 'મા'એ દીકરાને પરદેશ ભણવા મોકલ્યો. બસ, 'મા'ના હૈયે એક જ અરમાન હતી કે, 'દીકરો ભણીગણીને ડૉક્ટર બનશે ને સમાજ સેવક બની મારું કુળ ઉજાળશે.'

વર્ષોનાં વા'ણાં વહી ગયાં. મા તો દીકરો આજે આવે, કાલે આવે એવી રાહ જોતી રહેતી. મહેનત-મજૂરી કરી ઘરનું સમારકામ કર્યું. વળી, ઘરની બાજુમાં નાનકડો બગીચો બનાવ્યો.

આઠ આઠ વર્ષનાં વા'ણાં વહી ગયાં પછી દીકરો પોતાને ઘેર આવ્યો પણ દીકરો એકલો ન હતો; સાથે ભારતીય પણ સંપૂર્ણ પશ્ચિમી સંસ્કૃતિથી રંગાયેલી યુવતી અને નાનું બાળક પણ હતું.

અમૃતાબાઈ તો ત્રણેયને જોતાં પરિસ્થિતિ પારખી ગયાં. પણ 'હશે, પ્રભુની ઇચ્છાથી દીકરો જે પાત્ર પસંદ કરી ઘરમાં લાવે તે સ્વીકારવાનું જ હોય.' તેવા વિચારોથી અંતરનું દુઃખ સમાવી દીધું અને દીકરાને આવકારવા આગળ ડગ માંડ્યાં. પણ આ શું ? દીકરાની આંખોમાં વર્ષો પછી 'મા'ને મળ્યાનો

દયા અને ક્ષમા એ માનવ ધર્મનો અર્ક છે.

કોઈ આનંદ તો ન હતો પણ હડધૂત કરી કહેવા લાગ્યો, ‘‘એય નોકરડી, તેં મારું ઘર બરાબર જાળવ્યું નથી, બગીચો પણ વ્યવસ્થિત રાખ્યો નથી ! નોકર થઈને ઘર પચાવી પાડ્યું ?? આ ઘરમાં રહેવાનો તને કોઈ અધિકાર નથી. હમણાં ને હમણાં તું બહાર ચાલી જા. તારું કાળું મોઢું મારે જોવું નથી.’’

જે ઘરના અણુ અણુમાં અમૃતાબાઈનાં વાત્સલ્યનાં અમી સિંચાયાં હતાં તે જ મકાનમાં આજે અમૃતાબાઈ નોકરાણી બની ગઈ ! એટલું જ નહિ, દીકરાએ તેને ઘર બહાર કાઢી મૂકી.

દીકરાના આ બેહૂદા વર્તનથી અમૃતાબાઈનું હૈયું કકળી ઊઠ્યું. જે દીકરાના મોઢે ‘મા...’, ‘મા...’ શબ્દ સુકાતો નહોતો, જે દીકરો ‘મા’ના ગળેથી છૂટતો ન હતો તે આજે આટલો બદલાઈ ગયો !! પરદેશનો રંગ દીકરાની આંખે એવો ચડી ગયો કે દીકરાને મા પણ નોકરડી લાગવા માંડી – એ વિચારે ‘મા’થી ડૂસકું ભરાઈ ગયું.

કશું જ બોલ્યા વગર અમૃતાબાઈ કણસતા હૈયે પોતાનો સરસામાન લઈ ઘર બહાર નીકળી ગયાં અને ઘરથી થોડે દૂર નાનકડું ઝૂંપડું બનાવી રહેવા લાગ્યાં. થોડા દિવસ તો દીકરાએ વગાડેલા ઘાની કળ વળતી નહોતી તેમ છતાં અમૃતાબાઈ એક શ્રેષ્ઠ માવતર હતાં. તેથી દીકરાનું સુખ એ જ પોતાનું સુખ એમ સ્વીકારી દીકરો હૉસ્પિટલ પ્રૅક્ટિસ માટે જાય ત્યારે પોતાના જ ઘરે નોકરાણીની જેમ કામ કરવા જતાં.

અમેરિકન વહુ પેટ પૂરતું જમવા પણ ન આપતી. વળી, જીર્ણ એવા ઝૂંપડામાં અમૃતાબાઈને દુર્દશાનો કોઈ પાર નહિ છતાંય દીકરા-વહુનો સુખી સંસાર જોઈ અમૃતાબાઈ પોતાનું દુઃખ વિસારતાં. નોકરાણીના સ્વાંગમાં દીકરાના દીકરાને ખૂબ હેત-પ્રેમથી રમાડે, જમાડે અને પોતાના ખોળામાં સુવડાવે. આ બધું જોઈ દીકરાની વહુ બહુ આશ્ચર્ય પામતી કે, ‘આ ઘરડી ડોસી કેવી ખાનદાન નોકરાણી છે કે, મારા ઘરવાળાએ આટલી હડધૂત કરી ઘર બહાર કાઢી મૂકી તોય વગર પૈસે, વગર બોલાવ્યે અહીં કામ કરવા આવે છે, ઘરધણી થઈને ઘર સાચવે છે ને મારા કરતાંય મારા દીકરાને વધુ પ્રેમથી રાખે છે.’

પોતાની મા પોતાની ગેરહાજરીમાં ઘરનું કામ કરી જાય છે તેવો દીકરાને ખ્યાલ ન હતો. એક દિવસ દીકરો હૉસ્પિટલથી વહેલો ઘરે આવી ગયો ત્યારે અમૃતાબાઈને ઘરમાં ચીંથરેહાલ વસ્ત્રમાં કામ કરતાં જોઈ તાડૂક્યો, ‘‘એય બુઢ્ઢી, તને કહ્યું તો ખરું કે તારે આ ઘરમાં પગ નહિ મૂકવાનો. નીકળ બહાર. મારા ઘરને પોતાનું કરવા તું આ બધું તૂત કરે છે; મને ખબર છે.’’ એમ કહી દીકરાએ માને ધક્કો મારી કાઢી મૂકી. પોતાના જ ઘરમાં પોતાના જ દીકરાએ લગાવેલા ધક્કાથી અમૃતાબાઈનાં અંગોઅંગ કંપી ઊઠ્યાં. અંદરથી દર્દનાક સિસકારા નીકળી ગયા.

કારુણ દશ્ય નિહાળી અમેરિકન વહુનું દિલ પણ દ્રવી ઊઠ્યું. એ સહજ બોલી ઊઠી, ‘‘મારી વાત સમજો, ઘરમાં પૈસા લીધા વગર ઘરનું કામ કરે છે. પોતાના પેટગુજારા માટે એ કામ કરે છે. તેમાં મેં નોકરનો ભાવ જોયો નથી. મા પોતાના દીકરાનું ઘર સાચવે એમ આ અમૃતાબાઈ આપણું ઘર સાચવે છે. માટે તેને મારશો નહીં.’’

કદી કલ્પના પણ ન કરી હોય તેવી ઘટના ઘટતાં કકળતા હૈયે અમૃતાબાઈ રડતાં રડતાં ઝૂંપડામાં જતાં રહ્યાં. ‘મા’ના હૈયાને કકળાવી બહાર કાઢી મૂકી અને ઘોર અપમાન કર્યું. ‘મા’ના અંતરની હાય લાગી એ દિવસથી પરિવારનો સૂરજ પણ ડૂબવા લાગ્યો. દીકરો માંદગીના બિછાને પડ્યો. રિપોર્ટો કરાવતાં દીકરાને બ્લડ કૅન્સરની મહાભયંકર બીમારી લાગુ પડી. ‘મા’નું હૈયું કકળાવ્યું હતું તેનું જ આ પરિણામ હતું. વળી, ભગવાનની ઇચ્છાથી વહુ પણ બીમાર પડી. કોણ કોની સંભાળ રાખે !! કોણ કોને સાંત્વના આપે ?

અમૃતાબાઈને દીકરો અને વહુ બીમાર પડ્યાં છે એવી ખબર પડી પણ ઘરમાં પ્રવેશવાની તો મનાઈ હતી. છતાં અમૃતાબાઈનું હૈયું હાથ ન રહ્યું. દીકરા-વહુના દુઃખે દુઃખી થઈ બંનેની સેવા કરવા પહોંચી ગયાં. સમયે સમયે જમવાનું આપે, પાણી આપે, દવા આપે અને માતૃવાત્સલ્યભર્યો હાથ બંનેના માથે ફેરવે, ઘરનું કામ પણ કર્યા કરે. દીકરાના હૃદયમાં પશ્ચાત્તાપનું ઝરણું ફૂટ્યું, ‘જે ‘મા’એ મને પેટે પાટા બાંધી, પોતાનું સુખ-ચેન ખોઈ ભણાવ્યો-ગણાવ્યો છે, જે ‘મા’એ મારે ખાતર પોતાનું સર્વસ્વ કુરબાન કરી દીધું છે તે ‘મા’ને, વાત્સલ્યની મૂર્તિને મેં નોકરડીથી નવાજી ! મેં એને નર્યા ઝેરના ઘૂંટ જ પિવડાવ્યા છે ! ધિક્કાર છે મને. આજ સુધી મારી પત્નીને પણ ક્યાં કહ્યું છે કે આ નોકરાણી નથી; મારી જન્મદાતા મા છે ! છતાંય મારા જેવા કપૂતને સપૂત માની મને, મારા પરિવારને વાત્સલ્યની અમૃતધારાથી ભીંજવ્યા જ છે.’ આ પશ્ચાત્તાપની ગંગા દીકરાની આંખોમાંથી વહેવા લાગી અને દીકરો બોલી ઊઠ્યો, ‘‘મા... ઓ... મા...’’ વર્ષો પછી દીકરાના મુખે મા શબ્દ સાંભળતાં અમૃતાબાઈનું હૈયું પણ હાથ ન રહ્યું. દીકરાના શરીરમાં શક્તિ ન હોવા છતાંય ઊભો થઈ ‘મા’ના ચરણે ઢળી પડ્યો. દીકરાના અશ્રુધોધમાં એના હૈયાની સર્વે મલિનતાઓ ધોવાઈ ગઈ. ‘‘મા, તું જ મારી સાચી મા છો. તું જ મારો આધાર છો. મને માફ કરી દે મા. મારી ભૂલોને ભૂલી જા, મારો સ્વીકાર



દયાની ભાષા બહેરા સાંભળી શકે ને મૂંગા પણ બોલી શકે.

કરી લે મા.''

''દીકરા, મેં તને મારા હૈયેથી કદી અળગો કર્યો જ નથી, તારી ભૂલોને હંમેશાં ભૂલતી જ રહી છું. મને તો આજે એ જ આનંદ છે કે મારો દીકરો મને પાછો મળી ગયો.''

અત્યાર સુધી સંકટોના સમૂહને તૃણવત્ ગણી જે મધુર ક્ષણની પ્રતીક્ષા કરતી હતી તે ક્ષણ અમૃતાબાઈ સન્મુખ આવી ગઈ. સાચા અર્થમાં મા-દીકરાનું મિલન જોઈ વહુને વાસ્તવિકતા સમજાઈ ગઈ કે, 'જેને મેં બુઢ્ઢી નોકરાણી માની હતી તે ખરેખર તો મારા પતિની જનેતા છે. આ માતાના હૃદયની કેવી વિશાળતા છે કે આજ દિન સુધી કદી એમણે આ બાબતનો અણસાર સુધ્ધાં આવવા દીધો નથી.' પછી તો તેનું હૃદય પણ દ્રવી ઊઠ્યું. તે પણ 'મા'ના ચરણોમાં નમી પડી.

'મા'ના હૈયેથી હાશકારો ને આશીર્વાદ વહ્યા. 'મા'ની કકળતી આંતરડી ઠારી તે જ ક્ષણે જાણે બંનેમાં કંઈક નવી ચેતનાનો જન્મ થયો. અત્યાર સુધીની દવાઓ જે દીકરાના સ્વાસ્થ્ય માટે નકારી નીવડતી હતી તે જ દવાઓ કારગત નીવડવા લાગી.

દીકરાના સ્વાસ્થ્યમાં બમણા વેગથી સુધારો આવવા લાગ્યો. એક દિવસ પથારીમાં સૂતાં સૂતાં આ ડૉક્ટર બનેલો દીકરો પોતાને થયેલા રોગ વિષે પશ્ચાત્તાપ કરતાં ભૂતકાળમાં સરી પડ્યો. આંખ સામે પોતે કરેલી ભૂલો તરવરવા માંડી.

'પેલા મફતભાઈના દીકરાને ડેન્ગ્યુ થયો હતો. તેમનો એકનો એક દીકરો જન્મમરણ વચ્ચે ઝોલા ખાતો હતો પણ મેં તેમને દાખલ કરતાં પહેલાં જ પૈસા માગ્યા. મફતભાઈ મને કગરતા રહ્યા પણ હું કેટલો નફ્ફટ કે એકનો બે ન થયો. છેવટે તેઓ વ્યાજે પૈસા લાવી દીકરાને બચાવવા મથ્યા પણ મોડા પડ્યા. પ્લેટલેટ કાઉન્ટ ઘટી ગયા. અંતે દીકરો મરણને શરણ થયો. છતાંય મેં તેમની પાસેથી ચૂકતે હિસાબે પૈસા લીધા. આજે પણ મફતભાઈ વ્યાજના પૈસા ભરવા બેઘર બની ગયા. મારી અમાનુષિતાએ તેમણે પોતાનો દીકરો તો ખોયો પણ વ્યાજના પૈસા ચૂકવવા હૉસ્પિટલમાં સ્વીપરનું કામ કરે છે. મેં એમની આંતરડી કેવી કકળાવી છે !

ભણતર ને હોશિયારીના ગુમાનમાં મેં કેટલાય MBBS કરતા ગરીબ છોકરાઓને હડધૂત કરી દીધા છે. તેઓને મારી હૉસ્પિટલમાં પ્રૅક્ટિસ કરવાની કોઈ તક આપતો જ નથી. મારા અનુભવો શેર કરવાને બદલે નરી પોકળ વાતોથી તેઓ પર ખોટા પ્રભાવ પાડવાનો જ પ્રયત્ન કર્યો છે.

હું મારી સમૃદ્ધિ વધારવા ગરીબ લોકોને ૭થી ૧૦% વ્યાજે પૈસા ધીરું છું. એ લોકો કકળતા હૈયે વ્યાજ ભરે છે અને હું મજા કરું છું. ખરેખર એ ગરીબોની આંતરડી કકળાવી છે એટલે જ મારી આ હાલત થઈ છે.

આજ સુધી કેટકેટલાની આંતરડી કકળાવી છે ! બસ, એક મારી 'મા'નું મારા પરત્વેનું હૈયું ઠર્યું તોય મારી તબિયતમાં આટલો સુધારો થયો તો હવેથી હું મારાં વેણ-કવેણ કે વર્તનથી કદી કોઈને દૂભવીશ નહિ અને ગરીબોની દિલથી સેવા કરીશ.'

ડૉક્ટર જેટલો સૌ પ્રતિ સુહૃદભાવભર્યો વ્યવહાર કરતા ગયા એટલી ડૉક્ટરની બીમારી દૂર થઈ અને સૌની પ્રેરણામૂર્તિ બની ગયા.

આ વર્ષે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ આપણને સૌને દયા-કરુણાના સદ્‌ગુણને કેળવવાનો સંકલ્પ આપ્યો છે ત્યારે આપણા સ્વજીવનમાં પણ ડોકિયું કરીએ કે આપણે કદી કોઈની આંતરડી કકળાવી તો નથી ને ! જ્યાં કોઈ કસર રહેતી હોય તેને ચકાસીએ અને સુધારો કરીએ. ડૉક્ટર જેવી પરિસ્થિતિ આપણી ન થાય તે માટે સમયે ચેતી જઈએ. સૌના પ્રત્યે દયા-કરુણાભર્યો વ્યવહાર રાખી ગુરુજીના સંકલ્પમાં ભેગા ભળી અંતરનો રાજીપો કમાઈએ.

## મૂર્તિસુખે સુખિયા

**મૂ.નિ. હરિકૃષ્ણભાઈ કાંતિલાલ પટેલ, ઉંમર વર્ષ-૬૭, સ્વામિનારાયણ ધામ, તા. ૨૮-૩-૨૩ :**



સ્વામિનારાયણ ધામ સેન્ટરના ઘરધણી મુક્ત હરિકૃષ્ણભાઈ પટેલ શ્રીજીમહારાજની મૂર્તિના સુખે સુખિયા થયા છે. ગુરુદેવ મોટા મંદિરે બિરાજતા ત્યારથી તેઓ જોગમાં આવેલા. તેઓના મૃદુ, સરળ અને શાંત સ્વભાવ તેમજ દાસભાવને લઈ ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનો અનહદ રાજીપો કમાયા હતા. છેલ્લા ૮-૧૦ વર્ષથી તેઓ સ્વામિનારાયણ ધામ ખાતે ગુરુજીની આજ્ઞાથી વિવિધ વિભાગોમાં સંપૂર્ણ ઘરધણી બની નિઃસ્વાર્થભાવે સેવા બજાવી રહ્યા હતા. તેમનાં દીકરી ત્યાગાશ્રમના માર્ગે આગળ વધી સિદ્ધાંતોના પ્રચારની સેવા કરી રાજીપો કમાઈ રહ્યાં છે. તેઓનાં ધર્મપત્ની તથા દીકરા ગૌરાંગભાઈ સહિત સમસ્ત પરિવાર સંસ્થામાં ઘરધણી થઈ મહારાજ, બાપા, ગુરુદેવ તથા ગુરુજીનો રાજીપો લઈ રહ્યાં છે. મહારાજ અને મોટાના ચરણોમાં એ જ પ્રાર્થના કે તેઓના ચૈતન્યને પોતાની મૂર્તિનું ખૂબ ખૂબ સુખ આપે.



# સુખ આપણા હાથમાં છે

શાશ્વત સુખને પામવા દરેક વ્યક્તિ રાત્રિ-દિવસ દોડધામ આદરે છે.

પ્રભુના સાક્ષાત્કાર માટે દરેક સાધક સાધના પાછળ આખું આયખું વિતાવી દે છે.

વાસનાના વમળોને બાળવા અને અંતઃશત્રુઓને નાથવા દરેક મુમુક્ષુ સંયમની પાળ સ્વીકારે છે.

પરંતુ, અધ્યાત્મ માર્ગની આ વિટંબણાઓના ઉકેલરૂપ એક સર્વોત્તમ સાધના જે મુમુક્ષુ સાધી લે તે અધ્યાત્મ માર્ગની બાજી જીતી જાય છે. આ સર્વોત્તમ સાધના એટલે ગુરુના અંતરનો રાજીપો પ્રાપ્ત કરવો.

ગુરુના રાજીપામાં પ્રભુના સુખને પામવાનો રાહ છે.

એકલી સાધનાથી પ્રભુ પમાય જ નહીં.

અનાદિકાળની જે વાસના કઠોર તપથી ન ટળે તે ગુરુરાજીપાથી ક્ષણમાં ભસ્મ થઈ જાય.

મોક્ષ માર્ગના વેરી કામ-માનાદિક અંતઃશત્રુઓ જે નિયમના બળથી ન ટળે; તે ગુરુકૃપાના ધસમસતા પ્રવાહમાં હડેડાટ તણાઈ જાય.

રાજીપો રળવા માટે બુદ્ધિ નહિ, આંતરશુદ્ધિ જોઈએ. ચતુરાઈ નહિ, ભીતરની નિખાલસતા જોઈએ. દંભ નહિ, જીવનપરિવર્તનનો પ્રારંભ કરવાની તૈયારી જોઈએ. દેહ-મન-બુદ્ધિના ભૂકા બોલાવી દેવાની જિગર જોઈએ. મનગમતાની ગાંસડી તોડવાની ને ગુરુગમતાની વાંસળી વગાડવાની ખેલદિલી જોઈએ.

જેને રહે ગુરુને રાજી કરવાની ભૂખ, ગુરુ ટાળી નાખે તેનાં સર્વે દુઃખ !

જેને રહે ગુરુના રાજીપાની પ્યાસ, તેના હૈયે રહે હંમેશાં પ્રભુનો નિવાસ !

જેને રહે ગુરુના રાજીપાની આશ, ગુરુ કરાવી દે તેને કાયમી હાશ !!

આવા ઉત્તમ શિષ્યત્વનું શ્રેષ્ઠ ઉદાહરણ એટલે વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી. અનંતાનંત આજે આ દિવ્ય સત્પુરુષમાંથી આદર્શ શિષ્યત્વની પ્રેરણા મેળવી આદર્શ શિષ્યત્વ કેળવી શકે એવું પ્રેરણાદાયી જીવનદર્શન ગુરુજીએ કરાવ્યું છે. વ્હાલા ગુરુદેવને રાજી કરવા પોતાનું સંપૂર્ણ અસ્તિત્વ ઓગાળીને વર્ત્યા. ગુરુરાજીપાને જ પોતાનું સર્વસ્વ બનાવી સ્વવર્તન દ્વારા સમગ્ર સમાજને ગુરુદેવના રાજીપા સામે દૃષ્ટિ રાખવાની પ્રેરણા આપી. શિષ્ય પોતાના ગુરુનો અપરંપાર મહિમા ગાય એ તો સર્વ સામાન્ય રીત છે પણ ગુરુને સર્વદા, સર્વકાળ રાજી કરી અંતરનો રાજીપો કમાયા હોય તેવા શિષ્યના ગુણ, મહાત્મ્ય ગુરુ અતિ પ્રસન્ન થકા ગાય એ શિષ્ય જીવનની



જીવનમાં છોડવા જેવું છે માન, રળવા જેવો છે રાજીપો.

સાર્થકતા સાથે સર્વશ્રેષ્ઠ ઉપલબ્ધિ ગણાય. ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ ગુરુદેવ પ.પૂ. બાપજીને એવા રાજી કર્યા હતા તેથી ગુરુદેવે સમગ્ર સમાજને ગુરુજીના રાજીપા સામે દૃષ્ટિ રાખવાની ભલામણ કરી છે :

"સ્વામીની (ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની) આપણી સંસ્થામાં, આપણા સત્સંગમાં બધાયે સત્પુરુષ તરીકેની માનીનતા કરી છે. એ બળ આપે એ લેજો ને એની સાથે આગવું હેત રાખજો. મારે સ્વામી જેવા થવું છે અને એમનો રાજીપો લેવો છે, એમના જેવા ગુણ શીખવા છે એ ધ્યેય રાખજો."

ગુરુજીના દિવ્યજીવનમાંથી મળેલી પ્રેરણા અને ગુરુદેવના ભલામણ વચનોને અધ્ધર ઝીલી સમગ્ર સમાજ વ્હાલા ગુરુજીને રાજી કરવા માટે થનગની રહ્યો છે. **SMVS** સંસ્થામાં એવા સેંકડો પાત્રો છે જે ગુરુજીના રાજીપા માટે ગુરુઆજ્ઞાએ કંઈ પણ કરવા તૈયાર છે. ગુરુજીના રાજીપાપાત્રોમાંના કિંચિત્ પાત્રોનું અત્રે દર્શન કરી, પ્રેરણા લઈ, સ્વજીવનમાં મોટાપુરુષના રાજીપાનું મૂલ્ય સમજીએ.

તા. ૧૮ મે, ૨૦૧૭ ને ગુરુવારથી તા. ૨૧ મે, ૨૦૧૭ ને રવિવાર સુધી ચતુર્દિવસીય AYP PLY-2નો (AYPના સિલેક્ટેડ સભ્યોની બૅચનો) કૅમ્પ સ્વામિનારાયણ ધામના પરિસરમાં યોજાયો હતો.

તા. ૨૦ મે, ૨૦૧૭ના રોજ કથાવાર્તાનો લાભ પીરસતી વેળાએ વ્હાલા ગુરુજીની નજર વારંવાર એક હરિભક્ત પર જતી હતી. સભાના અંતે વ્હાલા ગુરુજીએ તેમને કહ્યું, "દયાળુ, તમે આખો દિવસ ઊભા ઊભા લાભ લેતા હતા. બહુ દુખાવો થાય છે ? અમારાથી તમારું દુઃખ દેખ્યું જાતું નથી." "દયાળુ, આ દેહ તો એક દિવસ સાજો ને એક દિવસ માંદો. અંતે તો નાશવંત છે. આપ જેવા દિવ્યપુરુષનો લાભ મળે ક્યાંથી ? બસ, આપ રાજી થશો એ જ અમારી મૂડી છે."

આ હરિભક્ત હતા મૂ.નિ. પ.ભ. શ્રી રાજુભાઈ અબાસણા. જેઓને આ દરમ્યાન મસાનું અતિશે દર્દ હતું. એટલે તેઓ જમીન પર કે ખુરશી પર બેસી શકતા ન હતા. 'ગુરુજીને રાજી કરવા અને ગુરુજીનો લાભ ક્યાંથી ?' આ વિચારે આવા સંજોગોમાં પણ આદર્શ યુવા કૅમ્પમાં હાજરી આપી હતી.

એટલું જ નહિ, એ જ દિવસે સાંજે વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજીએ કહેવડાવ્યું કે, "રાજ્યાને કહેજો એને આવતી કાલે અમારી સાથે ગોધર સમૈયામાં આવવાનું છે. એમાં એનો કૅમ્પ ગણી લેવાનો." આથી રાજુભાઈએ પ્રાર્થના કરી : " બાપજી, મને મસાનું દર્દ વધતું જાય છે. બેસાતું નથી. ગાડીમાં ત્રણ કલાક નહિ બેસાય છતાં આપ રાજી હોય તેમ કરીશ." ગુરુદેવે કહ્યું, "તારે આવી જવાનું છે. મહારાજ ભેગા ભળશે."

રાજુભાઈએ વિચાર કર્યો કે, 'અનંત જન્મો સુધી દેહને રાજી કર્યો છે, એનું જ જતન કર્યું છે. આ દિવ્ય સત્પુરુષના સંપૂર્ણ કર્તા મહારાજ છે. એમને રાજી કરીશ તો જ મને મૂર્તિનું સુખ પ્રાપ્ત થવાનું છે. એમના રાજીપામાં જ મારું સુખ સમાયેલું છે. માટે એ રાજી થાય છે તો મારે ગોધર જવું જ છે.' એ વિચારે દેહની પરવા કર્યા વિના ગુરુદેવ પ.પૂ. બાપજી સાથે ગોધર ગાડીમાં ગયા. ગોધર માંડ પહોંચ્યા. ગુરુદેવને રાજી કરવા એમનાં વચન અધ્ધર ઝીલ્યાં, દેહની કોઈ પરવા ન કરી તો એમના આશીર્વચન મુજબ એ દિવસથી મસાનો રોગ વગર દવાએ ને વગર ચરીએ નિર્મૂળ થઈ ગયો.

દેહના દુઃખ કરતાં ગુરુરાજીપાને અધિક પ્રાધાન્ય આપ્યું તો રાજીપો પણ પામ્યા અને દેહનું દુઃખ પણ ગયું. અર્થાત્ ગુરુને જેટલા રાજી કરીએ એટલું સુખ આપણા હાથમાં જ છે.

• • •

તા. ૨૧-૧૨-૨૦૨૨ના રોજ વ્હાલા ગુરુજીએ ઍટલાન્ટાથી પ.ભ.શ્રી રમેશભાઈ સુહાગિયા જે ભારત ખાતે અમદાવાદ આવ્યા હતા; તેમને ફોન કર્યો.

"રમેશભાઈ, આપણે બે દિવસ પહેલાં વાત થઈ હતી કે વિદેશથી તમે સ્પેશ્યલ તમારા ભત્રીજા અને ભાણીનાં લગ્ન માટે ભારત આવ્યા છો ?"

"હા ગુરુજી, મારી ઈચ્છા તો બિલકુલ નહોતી પરંતુ પરિવારજનોનો અતિ આગ્રહ હતો એટલે સ્પેશ્યલ બિઝનેસમાં સેટિંગ કરી ઈન્ડિયા આવ્યો છું."

"લગ્નમાં ક્યાં જવાનું છે ?" ગુરુજીએ પૂછ્યું.

"ઉદેપુર - માધવ પૅલેસમાં મૅરેજ રાખેલા છે."

"રમેશભાઈ, આપ પ્રિ-મુમુક્ષુના સભ્ય છો. આપના જીવનનો ધ્યેય ફિક્સ છે કે છતે દેહે મૂર્તિનું સુખ પામવું છે તો આપને આવા રજવાડી લગ્નમાં જવું શોભે નહીં. બે દિવસથી કહેવાની ઈચ્છા થતી હતી પરંતુ કહું કે ન કહું એમ વિચારતો હતો. પણ આપે અમારી સાથે જીવ જોડ્યો છે માટે કહીએ છીએ કે આપ લગ્નમાં ન જાવ તો સારું. એનાથી બ્રહ્મભાવ સ્રવી જાય."

"ગુરુજી, આપ મને કહી શક્યા એનો મને ખૂબ આનંદ થાય છે. આપ રાજી હોય એમ જ કરીશ."

"પરિવારના સભ્યો બધા ત્યાં જશે તો તમે એકલા શું કરશો ?"

"ગુરુજી, હું બે દિવસ ધ્યાન કુટિર કરી લઈશ."

"ભલે, ૨૨મી તારીખે વિદેશના હરિભક્તોની શિબિર રાખી છે તેમાં પધારજો અને બાકીના બે દિવસ અમારી સાથે સુરત વિચરણમાં આવવું હોય તોય ભલે ને ઘરે રહીને ધ્યાન કુટિર કરવી હોય તોય ભલે."

ગુરુજીની રુચિ મુજબ રમેશભાઈ મૅરેજમાં ન જ ગયા. ૨૨મી તારીખે તેઓ વિદેશના મુક્તોની શિબિરમાં પધાર્યા ત્યારે ગુરુજી તેમને જોઈ રાજી રાજી થઈ ગયા અને ભેટી પડ્યા.

વળી, સમગ્ર વિદેશના હરિભક્તોની સમક્ષ શિબિરમાં તેમના ગુણોનું ગાન કરી ખૂબ રાજીપો આપ્યો.

રમેશભાઈએ ગુરુજીની આ રુચિને ખૂબ જ સરળતાથી સ્વીકારી લીધી તેની પાછળનું કારણ એ છે કે, 'ગુરુજી કોણ છે? અને એમના રાજીપાનું શું મૂલ્ય છે.' આ પ્રશ્નોના ઉત્તર તેઓના માનસ પર બહુ સ્પષ્ટ છે.

ગુરુજી રાજી તો મહારાજ રાજી.

ગુરુજી બોલે એમના ભેળા મહારાજ બોલે.

ગુરુજી રાજી થશે તો જ મારું મૂર્તિસુખનું દ્વાર ખૂલશે, સ્થિતિના માર્ગે આગળ વધી શકીશ. આ સ્પષ્ટતાના કારણે દેહ-દેહના સંબંધીને રાજી કરવાને બદલે એકમાત્ર ગુરુજીના રાજીપાને જ પ્રાધાન્ય આપી શક્યા.

વ્હાલા મુક્તો, આપણે પણ સ્વજીવનમાં મળેલા દિવ્ય સત્પુરુષ વ્હાલા ગુરુજી કોણ છે? અને એમના રાજીપાનું મારા જીવનમાં શું મૂલ્ય છે? આ બાબતની ખૂબ સ્પષ્ટતા રાખીએ. એ કહે એમ કરીએ, એ વાળે તેમ વળી જઈએ તો તેમના અંતરનો રાજીપો સહજમાં વરસી જાય.

અધ્યાત્મ માર્ગે સનાતન પરમાત્મા ભગવાન સ્વામિનારાયણની મૂર્તિમાં રસબસભાવે જોડાઈ શાશ્વત સુખનો અનુભવ આત્માએ (આપણે) પોતે જ કરવાનો છે તો પછી સત્પુરુષ અને સત્પુરુષના રાજીપાની શી જરૂર છે?

આંખની કમજોર વ્યક્તિને ચશ્માં પહેરવાની,

સમુદ્રમાં મુસાફરી કરનારને નાવિકની,

વિદ્યાર્થીને ભણવા માટે શિક્ષકની જેટલી જરૂર છે એથી અનંતાનંતગણી જરૂર અધ્યાત્મ માર્ગે આત્માને પરમાત્મા સુધી પહોંચવા માટે સત્પુરુષ અને સત્પુરુષના રાજીપાની છે.

વિદ્યાર્થીને જો સારા પ્રોફેસર મળી જાય તો યુનિવર્સિટીમાં રૅન્ક હોલ્ડર બની જાય.

માટીને જો સારા કુંભાર મળી જાય તો ઘડતર પામી માટલું બની જાય.

દર્દીને જો સારા ડૉક્ટર મળી જાય તો નવું જીવનદાન મળી જાય.

વટેમાર્ગુને જો સાચા ભોમિયા મળી જાય તો મુકામનો રાહ મળી જાય.

તેમ, મુમુક્ષુને જો સાચા સદ્‌ગુરુ મળી જાય તો પરમાત્માના સુખને પામી જવાય.

શેઠ રાજી થાય તો પૈસા અને પ્રતિષ્ઠા આપણા હાથમાં છે.

માબાપ રાજી થાય તો મૂડીનો વારસો આપણા હાથમાં છે.


દુનિયા રાજી થાય તો આબરૂ-નામના-કીર્તિ આપણા હાથમાં છે.

તેમ સત્પુરુષ રાજી થાય તો મહારાજની મૂર્તિનું સુખ આપણા હાથમાં છે.

ત્યારે આવો, દિવ્ય સત્પુરુષ વ્હાલા ગુરુજીના અંતરનો રાજીપો કમાઈ મૂર્તિસુખના જલદી જલદી અનુભવી થવા જીવનનો એક ધ્યેય બનાવી દઈએ...

'બસ, ગુરુજીને રાજી કરી જ લેવા છે. અંતરથી રાજી કરી જ લેવા છે...'

## SBS Spiritual Camp



'ગુરુજીના રાજીપામાં જ રહેવું છે. **SMVS** માટે જ જીવવું છે.' બાલ્યાવસ્થાથી જ આવાં સપનાં સેવતી બાળસિંહોની સેના એટલે SBSના બાળમુક્તો. આવા બાળમુક્તોના ઘડતર માટે તા. ૨૮-૪-૨૦૨૩થી તા. ૮-૫-૨૦૨૩ એમ ૧૧ દિવસ દરમ્યાન ગ્રૂપવાઇઝ ત્રણ કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કૅમ્પમાં અંતર્વૃત્તિની દૃઢતા માટે 'wind up & focus' થીમ આધારિત વિવિધ પ્રોગ્રામોનું આયોજન કરવામાં આવ્યું હતું. થીમને અનુરૂપ કથાવાર્તા, વિડિયોદર્શન અને ઍક્ટિવિટીનો લાભ લઈ બાળ-બાલિકામુક્તો ખૂબ જ બળિયા થયાં હતાં. કૅમ્પ દરમ્યાન બાળકોને પૂ. સંતો દ્વારા પિરસણ લીલાનો લાભ તેમજ અંગત બેઠકનો પણ લાભ આપવામાં આવ્યો હતો.

તદુપરાંત તા. ૨-૫-૨૦૨૩ના રોજ સવારે ૧૧થી ૧૨ દરમ્યાન વ્હાલા ગુરુજીએ અતિ વ્યસ્ત શિડ્યૂલમાં પણ પોતાના વ્હાલસોયા બાળમુક્તોને પ્રત્યક્ષ પધારી દર્શન-આશીર્વાદ તથા બળપ્રેરક દિવ્યવાણીનો લાભ આપ્યો હતો. બાળમુક્તોએ પણ પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજનું તથા વ્હાલા ગુરુજીનું પૂજન કરી રાજીપો પ્રાપ્ત કર્યો હતો. આજના દિને સૌ બાળમુક્તોને વ્હાલા ગુરુજીના દિવ્ય હસ્તે પ્રસાદીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આમ, કુલ ૨૧૭થી પણ વધુ બાળ-બાલિકામુક્તો આ કૅમ્પનો લાભ લઈ રાજી કરવાના સંકલ્પમાં વધુ પરિપક્વ બન્યાં હતાં.



મનગમતાની છોડીએ ગાંસડી, ગુરુગમતાની વગાડીએ વાંસળી.

# વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે ગુરુજીનું આફ્રિકા-દુબઈ ખાતે સત્સંગ વિચરણ

“અમારે તો શેરીએ શેરીએ નહિ પણ હૈડે હૈડે મંદિરો કરવાં છે.” – ભગવાન સ્વામિનારાયણ


સર્વોપરી ભગવાન સ્વામિનારાયણના આ સંકલ્પને પૂરો કરવા માટે જ મોટાપુરુષો આ લોકમાં દર્શન આપતા હોય છે. આ જ હેતુથી આ વર્ષે વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનું આફ્રિકા–દુબઈ ખાતે સત્સંગ વિચરણ યોજાયું હતું.

તા. ૨૯ માર્ચ, ૨૦૨૩ ને બુધવારની સંધ્યા વેળાએ વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે વ્હાલા ગુરુજીએ સંત મંડળ સહિત એરપોર્ટ જવા માટે પ્રસ્થાન કર્યું. સ્વામિનારાયણ ધામ પર બિરાજિત સંત મંડળ તથા હરિભક્તો અને ગુરુકુલના વિદ્યાર્થીઓ વ્હાલા ગુરુજીનાં દર્શન–આશીર્વાદ માટે ઊમટી પડ્યા હતા. ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી સાથે પૂ. સંતોમાં પૂ. સનાતનસ્વામી અને હરિભક્તોમાં પ.ભ. શ્રી જીગરભાઈ પટેલ, પૂજનભાઈ સોલંકી, મિલનભાઈ સોની અને અક્ષયભાઈ સોનીને વિચરણનો લાભ મળ્યો હતો. વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી કુલ ૨૭ દિવસના આફ્રિકા–દુબઈ વિચરણમાં તા. ૩૦–૩–૨૩થી તા. ૩–૪–૨૩ બોટ્સવાના, તા. ૪–૪–૨૩થી ૭–૪–૨૩ કેન્યા, તા. ૮–૪–૨૩થી ૨૦–૪–૨૩ યુગાન્ડા અને તા. ૨૧–૪–૨૩થી ૨૫–૪–૨૩ યુ.એ.ઈ. પધાર્યા હતા.















ગુરુજીના દાખડા અપાર છે, આ મુખે વર્ણવ્યા ન જાય રે.

## ● દિવ્ય અને ભવ્ય આગમનો

આફ્રિકા ખાતે વ્હાલા ગુરુજીના પાવન પગલાંની શરૂઆત બોટ્સવાના દેશના કૅપિટલ સિટી ગૅબરોનથી થઈ હતી. બોટ્સવાનાના આંગણે વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી પ્રથમ વખત પધારી રહ્યા હોવાથી સર્વે ભાવિક ભક્તોના અંતરે તો હરખનો પાર નહોતો જ પરંતુ બોટ્સવાનાની ભૂમિની પણ જાણે વર્ષોની કોઈ મનોકામના આજે પૂર્ણ થઈ હોય એવું અનુભવાતું હતું. દિવ્યપુરુષના ચરણસ્પર્શે બોટ્સવાનાની ભૂમિ આજે પાવન થઈ. તા. ૩૦ માર્ચ, ૨૦૨૩ ને હરિનવમીના દિવસે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ અને ગુરુજીના આગમનને વધાવવા ત્યાંના હરિભક્તોએ આફ્રિકાના કેટલાક યુવાનોને બોલાવી તેમનું પરંપરાગત નૃત્ય કરાવ્યું હતું. એ વખતે અતિશય દયાળુ સ્વભાવી એવા વ્હાલા ગુરુજીએ જાણે કરુણાનો ધોધ ન વહાવ્યો હોય એમ આગમન વખતે પધારેલા સર્વે હરિભક્તોને સંબોધીને કહ્યું કે, “ભલે આ આફ્રિકન યુવાનોએ કાવડિયા માટે આ નૃત્ય કર્યું હોય પણ કોને રાજી કરવા માટે કર્યું છે ! એમની નજર ભલે એના તરફ હોય પણ અમારી નજર એમને મહારાજ આપવા તરફ છે. આ બધા મુક્તોને આજે અમારે પ્રસાદી આપવી છે અને આ પ્રસાદી દ્વારા એમને મૂર્તિ આપવી છે.” ઉપસ્થિત સર્વે હરિભક્તો આ આશીર્વર્ષા સાંભળી વ્હાલા ગુરુજીના બિરદને નતમસ્તક બની વંદી રહ્યા હતા.

એ જ રીતે તા. ૩ એપ્રિલ, ૨૦૨૩ની સંધ્યાના રોજ વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે ગુરુજી સંત મંડળે સહિત બોટ્સવાનાથી નીકળી કેન્યા ખાતે નાઈરોબી આવી પહોંચ્યા. નાઈરોબી ખાતે પ્રેમી હરિભક્તોએ વ્હાલા હરિકૃષ્ણ મહારાજ તથા ગુરુજીના આગમન માટે મંદિરના પ્રાંગણથી માંડી સિંહાસન સુધીના રસ્તાઓને પુષ્પપાંદડીઓથી આચ્છાદિત કરી દીધેલા ત્યારે જાણે ભૂમિએ પુષ્પનો શણગાર ન સજ્યો હોય એવું લાગતું હતું. તો વળી કિસુમુના હરિભક્તોએ લહેરાતા ધ્વજો અને આતશબાજી દ્વારા વ્હાલા ગુરુજીના આગમનને વધાવ્યું હતું.

એ જ રીતે વ્હાલા ગુરુજી જ્યારે યુગાન્ડામાં કમ્પાલા ખાતે પધાર્યા ત્યારે પ્રેમીભક્તોએ ઢોલ, વાજિંત્રો તથા સંગીતના સૂર સાથે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ તથા ગુરુજીના આગમનને વધાવ્યું હતું. અહીં ઉપસ્થિત આફ્રિકન યુવાનો આફ્રિકન શૈલીમાં વ્હાલા ગુરુજીને વંદન કરતા હતા. વળી, તેમનાં આગવાં કલા-કૌશલ્ય દ્વારા વ્હાલા ગુરુજીને રીઝવીને ગુરુજીના અંતરના આશિષ પામ્યા હતા.

તો વળી, દુબઈના હરિભક્તોએ વ્હાલા હરિકૃષ્ણ મહારાજ અને ગુરુજીના આગમનનાં વધામણાં દુબઈની આગવી અરબી શૈલીથી કર્યા હતા. દુબઈના અરબી પોશાકમાં સજ્જ અરબાબ હરિભક્તો, ધજાધારી યુવાનો અને સહજાનંદી બાળસેના રાજાધિરાજ એવા વ્હાલા હરિકૃષ્ણ મહારાજ અને ગુરુજીના આગમનના આનંદમાં મંત્રમુગ્ધ બન્યા હતા.

આવી રીતે ગુરુજી જ્યાં જ્યાં પધાર્યા ત્યાં સૌએ ગુરુજીને વધાવ્યા, પરંતુ હરિભક્તો કરતાં પણ ગુરુજીને મન સર્વે દેશના ભક્તોનાં દર્શનનો આનંદ અધિકગણો જણાતો હતો; જાણે કે વર્ષો બાદ પોતાના દીકરાઓને ન મળ્યા હોય ! અને ગુરુજીના મુખમાંથી એક જ વચન સરી પડતું, “આપ સૌનાં દર્શનથી બહુ આનંદ થયો !”

## ● શ્રીહરિ પ્રાગટ્યોત્સવ પ્રસંગે આશીર્વચનોની હેલી

બોટ્સવાનાના આંગણે હરિનવમીના મંગલકારી દિને જ વ્હાલા હરિકૃષ્ણ મહારાજ અને ગુરુજી પધાર્યા અને વ્હાલા ગુરુજીના આશીર્વચનોથી આ મહામંગલકારી દિનની ઉજવણી ઐતિહાસિક બની રહી હતી. વ્હાલા ગુરુજીએ આજના પ્રાગટ્યોત્સવ પ્રસંગે વ્હાલા ઘનશ્યામ મહાપ્રભુને પ્રાર્થના કરતાં કહ્યું કે, “હે મહારાજ ! આજના મહામંગલકારી દિને આપ આ બ્રહ્માંડમાં પધાર્યા અને આ બોટ્સવાનામાં પધાર્યા. વળી હે મહારાજ ! આજના દિવસે આપનું સ્વરૂપ અમને ઓળખાવીને બક્ષિશ આપજો !” અંતમાં વ્હાલા ગુરુજીએ આશીર્વાદની હેલી વરસાવતાં કહ્યું, “અમે તમને ભગવાન સ્વામિનારાયણ આપવા પધાર્યા છીએ; તમને ભગવાન આપીને જ રહીશું. તમારા ઘરના મંદિરમાં તો ભગવાન છે, પણ અમારે તો તમને આગવા ભગવાન આપવા છે, તમને ભગવાનથી ભરવા માટે અમે આવ્યા છીએ.” વળી ઉમેર્યું કે, “અહીંના આ ત્રણ દિવસ દરમ્યાન તમે જેને જેને લાવશો, જે દર્શન કરી જશે, જે પ્રસાદ લઈ જશે એને અમે બીજો જન્મ નહિ ધરવા દઈએ.” ઉપસ્થિત સર્વે હરિભક્તોએ તાળીઓના ગડગડાટથી તેમજ ‘જય હો, જયજયકાર હો’ના જયઘોષથી આ આશીર્વર્ષાને વધાવી લીધી હતી.

આમ, આજરોજ ૧૫૦ જેટલા હરિભક્તો શ્રીજીમહારાજના મહિમામાં ગરકાવ બન્યા હતા.

## ● દિવ્ય સત્સંગ પારાયણો

આ વિચરણ દરમ્યાન બોટ્સવાનામાં ગૅબરોન ખાતે સૌપ્રથમ વખત તા. ૩૦, ૩૧ માર્ચ અને ૧ એપ્રિલ એમ ત્રિ-દિનાત્મક સત્સંગ પારાયણનું આયોજન થયું હતું. આ

પારાયણમાં વ્હાલા ગુરુજીએ શ્રીજીમહારાજના તથા સત્પુરુષના મહાત્મ્ય ઉપર ખૂબ ઊંડાણપૂર્વક લાભ આપ્યો હતો. વચનામૃત ગઢડા પ્રથમના ૫૮ના આધારે 'સત્પુરુષની શી જરૂર છે?' તથા 'સત્પુરુષના રાજીપાનું ફળ' વગેરે જેવા વિષયો ઉપર પુષ્ટિ આપતાં આશીર્વાદ વહાવ્યા હતા કે, "અમે તમારી આધ્યાત્મિક મા છીએ, અંતકાળે બધા તમને જ્યાં વળાવી જશે, ત્યાંથી મહારાજને લઈને અમે તમને તેડવા આવશું." આમ, આ ત્રિ-દિનાત્મક સત્સંગ પારાયણ દરમ્યાન લગભગ ૬૧૫ જેટલા હરિભક્તો મોટાપુરુષના મહિમા આકારે થઈ મોટાપુરુષની કરુણાના ઋણી બન્યા હતા.

એ જ રીતે યુગાન્ડા ખાતે કમ્પાલામાં બૂકોટો સ્થિત **SMVS** સ્વામિનારાયણ મંદિરે પણ આવી જ ત્રિ-દિનાત્મક વચનામૃત પારાયણનું તા. ૧૧, ૧૨, ૧૩ એપ્રિલ, ૨૦૨૩ દરમ્યાન આયોજન થયું હતું. જેમાં વ્હાલા ગુરુજીએ આદર્શ માનવી કેવી રીતે બનાય તેના પાઠ શીખવતાં 'પ્રામાણિકતા-નીતિમત્તા', 'દયા-કરુણા', 'લાગણી', 'માતાપિતાને આદર' તથા 'આત્મીયતા' જેવા પાયાના ગુણો પર વિશેષ ઊંડાણપૂર્વક લાભ આપી લગભગ ૮૦૦ જેટલા હરિભક્તોને જીવનની સાચી દિશા આપી હતી. આ પારાયણ પ્રસંગે ઉપસ્થિત મંત્રી શ્રી Gidudu Mafwabi Dominic – Minister of State for Eldery Affairs પણ વ્હાલા ગુરુજીની અનુભવાત્મક દિવ્યવાણીથી પ્રભાવિત બન્યા હતા. આ પ્રસંગે તેઓએ પોતે માઈક લઈને પોતાના સ્વજીવનનો અનુભવ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, "આ ગુરુજીની વાત એકદમ સત્ય છે. હું એક પિતા પણ છું અને દાદા પણ છું. આજની આ જનરેશનના પ્રત્યાઘાતોથી હું સારી રીતે વાકેફ છું. વડીલોએ આ જનરેશન સાથે કેવી રીતે વર્તવું જોઈએ તેની એક આદર્શ શીખ મને તથા સમગ્ર કમ્પાલા સમાજને મળી છે. તેના વતી હું આ સંસ્થાનો તથા વ્હાલા ગુરુજીનો તહેદિલથી આભાર વ્યક્ત કરું છું અને યુવાનોને વિનંતી કરું છું કે તમે બધા બહુ Lucky છો કે તમને આ ગુરુજીના બતાવેલા આદર્શો-ઉપદેશો મુજબ જીવનની સાચી દિશા પ્રાપ્ત થઈ રહી છે અને આજથી હું પણ પોતાને આ **SMVS** ફેમિલિનો સભ્ય ગણું છું."

**● જીવન ઘડતરરૂપી સત્સંગ શિબિરો**

આ સમગ્ર વિચરણ દરમ્યાન ગૅબરોન, નાઈરોબી, કિસુમુ, કમ્પાલા, દુબઈ વગેરે નગરો-મહાનગરોમાં આધ્યાત્મિક જીવનનાં મૂલ્યો સિંચતી સત્સંગ શિબિરો યોજાઈ. આ સત્સંગ શિબિરોમાં જ્યાં સમાજને જે બાબતની જરૂર હોય તેવા વિષયો ઉપર વ્હાલા ગુરુજીએ લાભ આપ્યો હતો. છતાં પણ 'સર્વોપરીપણાનાં લક્ષણો', 'ભગવાન સ્વામિનારાયણની સર્વોપરી નિષ્ઠા કેમ ફરજિયાત છે?', 'વિષયી જીવ અને મુમુક્ષુ જીવ વચ્ચેનો તફાવત', 'આદર્શ ભક્ત થવાના ઉપાયો', 'સંતો-હરિભક્તોનાં પંચવર્તમાન', 'મોટાપુરુષ સાથે પોતાપણાની બુદ્ધિ' વગેરે જેવા વિષયો પર લાભ આપીને વ્હાલા ગુરુજીએ સમાજની પુષ્ટિ કરી હતી. વહેલી સવારથી ચાલુ થઈ મધ્યાહ્ન સમયે જમાડવા પૂરતો સમય બ્રેક રાખી વળી ઠેઠ સંધ્યા સુધી ચાલતી આ સત્સંગ શિબિરોમાં વહેતો ગુરુજીની કથાવાર્તાનો અસ્ખલિત પ્રવાહ જાણે કોઈ ભક્તોને પોતાનું સ્થાન છોડીને જવાનો સંકલ્પ પણ નહોતો થવા દેતો! આ શિબિરો દરમ્યાન વ્હાલા ગુરુજીએ નથી ઘડિયાળ સામું જોયું કે નથી પોતાના અવરભાવની કોઈ પરવાહ કરી. ધન્ય છે, આવા દિવ્યપુરુષને કે જેઓ હરિભક્તોને પ્રભુના પ્રિય પાત્ર બનાવવા માટે પોતે રાત-દિવસ જહેમત ઉઠાવી રહ્યા છે!

**● પાટોત્સવ તથા ભક્તિયાત્રાનાં આયોજનો**

કમ્પાલા ખાતે બૂકોટો સ્થિત **SMVS** મંદિરમાં બિરાજિત ઘનશ્યામ મહાપ્રભુનો પાટોત્સવ તા. ૯ એપ્રિલ, ૨૦૨૩ ને રવિવારના રોજ ખૂબ ભવ્યતા અને દિવ્યતાથી વ્હાલા ગુરુજીના સાંનિધ્યમાં યોજાઈ ગયો. આ પાટોત્સવની છાબ ભક્તિયાત્રા રૂપે પ.ભ. શ્રી. હર્ષદભાઈ બારોટના ઘરેથી નીકળી મંદિર સુધી પહોંચી હતી. મંદિરે પહોંચ્યા બાદ વ્હાલા ગુરુજીએ વિશિષ્ટ આરતી દ્વારા ઘનશ્યામ મહાપ્રભુની પાટોત્સવની આરતીનો લાભ લીધો હતો. આ પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત ૪૧૦ જેટલા હરિભક્તોને વ્હાલા ગુરુજીએ પ્રભુને રાજી કરવાની રીત શીખવી હતી.

**● હરિભક્તોના મનોરથો પૂર્ણ કરવા માટે યોજાઈ પધરામણીઓ તથા મહાપૂજાઓ**

વ્હાલા ગુરુજી પાંચ વર્ષ બાદ આફ્રિકા પધાર્યા હોવાથી ઘણાબધા પ્રેમી હરિભક્તોને સહેજે સહેજે ગુરુજીની પધરામણીનો આગ્રહ હોય જ! સવારની કથાવાર્તા બાદ તુરત જ ચાલુ થઈ જતી પધરામણી બપોરે કેટલા વાગે વિરમશે તે અનિશ્ચિત હતું. લિફ્ટ ન હોવા છતાં હરિભક્તોના પ્રેમને વશ થઈ ગુરુજીને સીડી ચડવું પણ વ્હાલું લાગતું હતું. પૂ. સંતો તથા સંચાલકો વિનંતી ને પ્રાર્થના કરતા રહ્યા કે, "મહારાજ! અહીં પ્રાંગણમાં જ આરતી કરી લઈએ." પરંતુ ભક્તોના ભાવને વશ થઈ ગુરુજીએ કોઈ પ્રાર્થનાને ગણકારી જ નહીં. વળી, આવા દિવ્યપુરુષના પાવન પગલાંને કોણ ન ઇચ્છે તે ન્યાયે


















વ્હાલભરી એ ગોદની છાયા, આપે સુખ અપાર.

દરરોજ કેટલીક પધરામણીઓ વધી જતાં પરત આવતાં બપોરના ૨:૩૦ કે ૩:૦૦ વાગી જતા. છતાંય આ પરોપકારી દિવ્યપુરુષે ક્યારેય ઊંઘ, ભૂખ કે થાક સામું જોયું જ નહીં.

આમ, આ ૨૭ દિવસીય વિચરણ દરમ્યાન વ્હાલા ગુરુજીએ ૧૪૫થી વધુ પધરામણીઓ, મહાપૂજાઓનો લાભ આપી સર્વેના મનોરથો પૂર્ણ કર્યા હતા.

**• ગુરુજીના માતૃવાત્સલ્યનો અનુભવ કરાવતી અંગત બેઠકો તથા પ્રસંગો**

સવારે પ્રાતઃ સભા પૂર્ણ થયા બાદ કે સાંજે સંધ્યા સભા પૂરી થયા બાદ જ્યારે જ્યારે જ્યાં જ્યાં સમય મળે કે તુરત સૌની મા સમાન વ્હાલા ગુરુજી પોતાના વ્હાલસોયા દીકરાઓને મળવા માટે બોલાવી લેતા. આ સમગ્ર વિચરણ દરમ્યાન લગભગ ૧૨૦થી વધુ હરિભક્તોએ વ્હાલા ગુરુજી સાથે અંગત બેઠકોનો લાભ લઈ નિકટતા કેળવી હતી.

આ અંગત બેઠકોમાં વ્હાલા ગુરુજી હરિભક્તોને તો મળ્યા, પરંતુ મંદિરના સિક્યૉરિટી ગાર્ડ એવા થોમસને મળવાનું પણ ન ભૂલ્યા. વ્હાલા ગુરુજીએ થોમસની આર્થિક પરિસ્થિતિ જોઈ કરુણા વહાવતાં તેને રોકડ રકમની બક્ષિશ અપાવી. ઉપરાંત પોતાના સ્વહસ્તે તેને ટી-શર્ટ તથા પ્રસાદી આપી રાજીપો વરસાવ્યો. ઉપરાંત અહીંના ગરીબ બાળકોને પણ શૈક્ષણિક સહાય આપવા માટે પૂ. સંતો તથા અગ્રેસરોને ભલામણ કરી હતી.

વ્હાલા ગુરુજી બોટ્સવાના પધાર્યા ત્યારે પૂ. સંતોની સાથે વિચરણમાં આવેલ રાહુલભાઈ દરજીને પગે મચકોડ આવ્યો હતો. રાત્રે સભા પૂર્ણ થયા બાદ નિયમચેષ્ટા પૂર્વે વ્હાલા ગુરુજીએ પૂ. સંતો દ્વારા હળદર-મીઠાનો લેપ તૈયાર કરાવ્યો અને પોતે સ્વયં આ લેપ લઈને રાહુલભાઈના પગમાં લગાવવા લાગ્યા. અનંત 'મા'નો પ્રેમ પણ જ્યાં ટૂંકો પડે એવી આધ્યાત્મિક મા સમાન વ્હાલા ગુરુજી પોતાના દીકરાઓની અવરભાવની પણ ચિંતા રાખીને સંસ્થાના ગુરુપદે હોવા છતાં એક નાનામાં નાના કિશોરની પણ સેવા કરી શકે એ જ એમના અપાર માતૃવાત્સલ્ય અને દાસત્વપણાનાં દર્શન કરાવે છે. ઉપસ્થિત સર્વે પૂ. સંતો તથા હરિભક્તો આ દિવ્યપુરુષના માતૃવાત્સલ્ય અને દાસત્વને વંદી રહ્યા !

**• દાસત્વભાવની પરાકાષ્ઠા**

કમ્પાલા ખાતે તા. ૧૬ એપ્રિલના રોજ સત્સંગ શિબિરના અંતિમ સેશનમાં આયોજિત ગુરુવંદના પ્રોગ્રામમાં સર્વે પૂ. સંતો તથા ભાવિક ભક્તોએ દિવ્યભાવથી વ્હાલા ગુરુજીના પૂજન-અર્ચનનો લાભ લીધો હતો. ત્યારબાદ વ્હાલા ગુરુજીએ આશીર્વચનોનો લાભ આપતાં પ્રારંભે જ જણાવ્યું કે, "તમે બધા અમને ગુરુજી ગુરુજી કહો છો, પરંતુ અમે તો તમારા બધાના ગુરુ નહિ પણ સેવક છીએ, તમારા સૌના દાસ છીએ." આમ, લાખોના ગુરુ હોવા છતાં પોતે સૌના દાસ થઈને જ વર્તે છે.

વ્હાલા ગુરુજી જ્યારે બોટ્સવાના પધાર્યા ત્યારે દ્વિતીય દિને મંગળા આરતી બાદ પૂ. સંતો ઠાકોરજીના થાળ કરી રહ્યા હતા અને તે વખતે વ્હાલા ગુરુજી સંત રસોડામાં જળ ધરાવવા માટે પધાર્યા હતા. પરંતુ આશ્ચર્યની વાત એ બની ગઈ કે સંત રસોડામાં જળ ધરાવતાં પૂર્વે વ્હાલા ગુરુજી ડસ્ટર લઈને ચરણરજ (કચરો) વાળવા લાગ્યા. આ દૃશ્ય પૂ. સંતોએ જોયું કે તુરત તેમના હસ્તમાંથી ડસ્ટર લેવા માંડ્યું. પરંતુ દાસત્વભાવની મૂર્તિ સમાન ગુરુજીએ કોઈને ડસ્ટર ન આપતાં ચરણરજ વાળવાની સેવા પૂર્ણ કરી. પોતે ગુરુસ્થાને હોવા છતાં આટલી નાનકડી સેવા કરવામાં જેમને કોઈ શરમ-સંકોચ નથી એવા ગુરુજીને કોટિ કોટિ વંદન હજો !

તો વળી, જ્યારે ગુરુજી સંત મંડળ સહિત કમ્પાલા એન્ટેબે એરપોર્ટ પર પધાર્યા ત્યારે તો સૌએ અદ્ભુત દૃશ્ય નિહાળ્યું ! જે ગુરુજીને રિસીવ કરવા તેમના આગમનમાં હરિભક્તોનાં ટોળે ટોળાં ઊમટેલાં, તે ગુરુજીનાં જ્યારે એરપોર્ટની બહાર પધાર્યા ત્યારે તેઓ પોતે આપણા જ એક હરિભક્ત પરેશભાઈ ગોંડલિયાને વ્હિલચૅરમાં દોરીને બહાર લાવતાં સૌને દર્શન થયાં. પરેશભાઈએ બહુ વિનંતી કરી કે, "ગુરુજી, આપને મારી સેવા ન કરવાની હોય, મારે આપની સેવા કરવાની હોય, આપ મને શરમાવો છો !" પરંતુ ગુરુજીના ઉદ્ગારો તો એવા હતા કે, "અમને તમારી સેવા મળે ક્યાંથી !" એરપોર્ટની બહાર હાર અને ફૂલ-તોરા સાથે ઊભેલા ભાવિક ભક્તો આ ગુરુજીના દાસત્વભાવને વંદી રહ્યા ! આને દાસત્વભાવની ચરમસીમા ન કહેવાય તો શું કહેવાય ? સંસ્થાના ગુરુસ્થાને હોવા છતાં નાનામાં નાના હરિભક્તને વ્હિલચૅરમાં લઈ જવાની સેવા કરનાર ગુરુજીને કોટિ કોટિ વંદન હજો !

**• ગુરુજીના સાંનિધ્યમાં યોજાયેલ અન્ય કેટલાક વિશિષ્ટ પ્રોગ્રામો**

**બાળ-કિશોર સંમેલન :** યુગાન્ડા ખાતે કમ્પાલામાં તા. ૧૦ એપ્રિલ, ૨૦૨૩ ને સોમવારના રોજ વ્હાલા ગુરુજીના સાંનિધ્યમાં બાળ સભા યોજાઈ. આજરોજ નાના નાના બાળમુક્તોએ વ્હાલા ગુરુજીને રીઝવવા જુદાં જુદાં પાત્રો જેવાં કે

ડૉક્ટર, એન્જિનિયર, ઍસ્ટ્રૉનૉટ, પાઇલટ, પ્રેસિડેન્ટ, ટેઇલર, ફાર્મર, ફાયર-બ્રિગેડ વગેરે ભજવીને પોતાની આગવી શૈલીમાં કાલાવાલા કરીને ગુરુજીનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. વળી, વ્હાલા ગુરુજીએ આ બાળકો સાથે બાળક જેવા બનીને સૌને પ્રેમ આપીને નિકટ લીધાં હતાં. વળી, વ્હાલા ગુરુજીએ ઉપસ્થિત બાળકો તથા વાલીઓને જીવનોપયોગી ભલામણો દ્વારા આદર્શતાના પાઠ શીખવ્યા હતા.

**ફૂલદોલોત્સવ–રંગોત્સવ :** આફ્રિકાના ભક્તોને સ્પેશ્યલ લાભ મળે તે હેતુથી વ્હાલા ગુરુજીના સાંનિધ્યમાં ફૂલદોલોત્સવ પ્રોગ્રામનું આયોજન થયું હતું. આ પ્રોગ્રામ બોટ્સવાના, કમ્પાલા તથા દુબઈ ખાતે પણ આયોજિત થયો હતો. આજના દિવસે વ્હાલા ગુરુજીએ પ્રોગ્રામની શરૂઆત કરતાં પૂર્વે જણાવ્યું કે, ‘‘આ કલર તમને ભલે કાચો દેખાતો હોય પરંતુ અમારો રંગ ખૂબ પાકો છે. અમારે તો તમને મૂર્તિના રંગથી રંગવા છે. અને આ રંગ એવો ગૂઢો ચડાવવો છે કે ક્યારેય ઊતરે જ નહીં.’’ અને વ્હાલા ગુરુજીએ સૌ પુરુષ હરિભક્તોને ખૂબ રંગે રમાડ્યા અને ત્યારબાદ સૌના ઉપર લોટે લોટે પાણી રેડીને અદ્‌ભુત સ્નાનલીલા કરાવડાવી. વળી, આશીર્વાદ આપતાં જણાવ્યું કે, ‘‘અંતકાળે પણ આ લીલા સંભારજો, તો મહારાજને લઈને અમે તમને તેડી જઈશું.’’

**દિવ્ય શાકોત્સવ :** આફ્રિકા ખાતે વ્હાલા ગુરુજી પાંચ વર્ષે પધાર્યા હોવાથી વ્હાલા ગુરુજીના સાંનિધ્યમાં યુગાન્ડા ખાતે કમ્પાલામાં તા. ૧૯ એપ્રિલ, ૨૦૨૩ ને બુધવારના રોજ દિવ્ય શાકોત્સવ પ્રોગ્રામનું આયોજન થયું હતું. આ શાકોત્સવ પ્રસંગે લગભગ ૪૨૦થી પણ વધુ હરિભક્તોએ ગુરુજીનાં દર્શન-આશીર્વાદનો લાભ માણ્યો હતો.

**નાઇરોબી તથા કિસુમુ ખાતે જાહેર સત્સંગ સભાઓ :** કેન્યામાં નાઈરોબી ખાતે તા. ૫ એપ્રિલ, ૨૦૨૩ ને બુધવારના રોજ યોજાયેલ સત્સંગ સભામાં વ્હાલા ગુરુજીએ ‘પ્રભુ પરનો અચળ ભરોસો’ વિષય પર લાભ આપીને ૩૭૦ જેટલા હરિભક્તોને પ્રભુનો દૃઢ આશરો કરવાની શીખ આપી હતી. એ જ રીતે તા. ૭ એપ્રિલ, ૨૦૨૩ ને શુક્રવારના રોજ કિસુમુ ખાતે યોજાયેલ સત્સંગ સભામાં વ્હાલા ગુરુજીએ ‘દેહાભિમાન ટાળીને ઝિરો થતા શીખીએ’ તે વિષય પર લાભ આપીને ૪૩૫ જેટલા હરિભક્તોને સુખિયા કરી અહંકારરૂપી શત્રુથી બચવા માટેની ભલામણ કરી હતી.

આમ, ૨૭ દિવસનું વિદેશ વિચરણ પૂર્ણ કરી અંતમાં વ્હાલા ગુરુજી દુબઈથી ઇન્ડિયા જવા માટે તૈયાર થયા. દુબઈના ભાવિક ભક્તોએ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીને અશ્રુભીની આંખે વિદાય આપી હતી. વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ સૌને મીઠો લાભ આપતાં જણાવ્યું કે, ‘‘અમે સદાય તમારી ભેળા જ છીએ.’’ આમ, આ વિચરણમાં વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી સાથે વિતાવેલી પળો હરિભક્તોના માનસપટ પર સદાયને માટે અવિસ્મરણીય બની રહેશે.

આમ, આફ્રિકા-દુબઈ ખાતેના વ્હાલા ગુરુજીના આ ૨૭ દિવસીય વિચરણ દરમ્યાન વ્હાલા ગુરુજીએ ૧૯ પ્રાતઃ સભા, ૧૨ જાહેર સભાઓ, ૩ સત્સંગ શિબિર, ૩ અગ્રેસર સભાઓ, ૨ બાળ-કિશોર સભા, ૨ સત્સંગ પારાયણ, ૧ પાટોત્સવ પ્રોગ્રામ, ૧ શાકોત્સવ પ્રોગ્રામ તથા ૧૪૫થી વધુ પધરામણી-મહાપૂજાઓનો લાભ આપી હરિભક્તોને સુખિયા કર્યા હતા.


## વ્હાલા ઘનશ્યામ મહાપ્રભુ સંગે પૂ. સંતોનું આફ્રિકા-દુબઈ ખાતે સત્સંગ વિચરણ

વ્હાલા ગુરુજી આફ્રિકા ખાતે વિચરણમાં પધાર્યા તે પૂર્વે તા. ૧૧ માર્ચ, ૨૦૨૩ ને શનિવારના રોજ પૂ. મૂર્તિસ્વામી, પૂ. આશીર્વાદસ્વામી, પૂ. સહજાનંદસ્વામી તથા પૂ. વંદનસ્વામી એમ કુલ ચાર પૂ. સંતોનું મંડળ તથા હરિભક્તોમાં પ.ભ. શ્રી રાહુલભાઈ દરજી તથા પ.ભ. શ્રી યશભાઈ ઠક્કર પૂર્વતૈયારીના ભાગ રૂપે સૌપ્રથમ યુગાન્ડામાં કમ્પાલા ખાતે રવાના થયા હતા. ત્યારબાદ અનુક્રમે કિસુમુ, નાઈરોબી, બોટ્સવાના ખાતે વિચરણ કરી હરિભક્તોને મહિમા આકારે કરી સૌને મોટાપુરુષનાં દર્શન, આશીર્વાદ, સમાગમનો મહિમા દૃઢ કરાવ્યો હતો.

આ ઉપરાંત વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. મૂર્તિસ્વામીના સંત મંડળનું આફ્રિકામાં ઝામ્બિયા ખાતે લૂસાકા શહેરમાં સત્સંગ વિચરણ યોજાયું હતું. તા. ૨૪ માર્ચથી તા. ૨૭ માર્ચ એમ ચાર-દિવસીય વિચરણ દરમ્યાન પૂ. સંતોએ પ્રાતઃ સભા, સંધ્યા સભા, જાહેર સભા તથા લગભગ ૩૫થી વધુ પધરામણીનો લાભ આપી હરિભક્તોને બળિયા કર્યા હતા.

ઝામ્બિયા ખાતે તા. ૨૬ માર્ચ, ૨૦૨૩ ને રવિવારના રોજ કિશોરોનો પ્રવાસ પૂ. સંતોના સાંનિધ્યમાં યોજાયો હતો. આ પ્રવાસમાં સર્વે કિશોરોને વ્હાલા ઘનશ્યામ મહાપ્રભુના અભિષેકનો તથા જ્ઞાન સાથે ગમ્મતરૂપી વિવિધ ઍક્ટિવિટીનો અણમોલ લહાવો પ્રાપ્ત થયો હતો. તા. ૨૬ માર્ચ ને રવિવારે યોજાયેલ સત્સંગ સભામાં પૂ. મૂર્તિસ્વામીએ ‘સત્સંગનું મહત્ત્વ’ વિષય પર લાભ આપીને લગભગ ૧૫૫ જેટલા હરિભક્તોને જીવનમાં સાચી દિશા આપી હતી. ઝામ્બિયા વિચરણ પૂર્ણ કરી






SMVS












પૂ. મૂર્તિસ્વામી તથા સંત મંડળ બોટ્સવાના ખાતેના વ્હાલા ગુરુજી સંગેના વિચરણમાં જોડાયા હતા.

વ્હાલા ગુરુજીના વિચરણ બાદ પૂ. સંત મંડળે કમ્પાલા તથા દુબઈ ખાતે વિચરણ ચાલુ રાખ્યું હતું. દુબઈ ખાતેના દસ-દિવસીય વિચરણમાં વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. સંતો દ્વારા શારજાહ, બર દુબઈ, ઉમ-અલ-ક્વીન, રસલખેમા અને અબૂ ધાબી જેવા નગરો-મહાનગરોમાં સત્સંગ સભાઓ તથા ૭૦થી વધુ પધરામણીઓ યોજાઈ હતી. ઉપરાંત બાળ શિબિર, કિશોર પિકનિક, પિરસણ લીલા વગેરે જેવા વિધ વિધ પ્રોગ્રામો આકર્ષણનું કેન્દ્ર બની રહ્યા હતા.

આમ, દુબઈ ખાતેનું વિચરણ પૂર્ણ કરી તા. ૮-૫-૨૦૨૩ના રોજ પૂ. સંત મંડળે ઇન્ડિયા તરફ પ્રયાણ કર્યું હતું. દુબઈના ભાવિક ભક્તોએ મહિમાસભર હૈયે સંત મંડળને વિદાય આપી હતી.

















# વ્હાલા ઘનશ્યામ મહારાજ સંગે પૂ. સંતોનું ઑસ્ટ્રેલિયા-ન્યૂઝીલેન્ડ ખાતે સત્સંગ વિચરણ










"સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનની ઉપાસના દૃઢ કરી, અનાદિમુક્તની સ્થિતિ પામવી એ જ કારણ સત્સંગ." શ્રીજીમહારાજના પ્રાગટ્યના મૂળભૂત હેતુરૂપ **SMVS**ના સિદ્ધાંતના પ્રવર્તન કાજે દેશ-વિદેશમાં દર વર્ષે પૂ. સંતો વિચરણ અર્થે પધારી મુમુક્ષુઓને સત્સંગના રંગથી રંગી હરિને ગમે એવાં પાત્રો તૈયાર કરે છે.

આ વર્ષે પણ વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. સંતોનું ઑસ્ટ્રેલિયા તેમજ ન્યૂઝીલૅન્ડ ખાતે સત્સંગ વિચરણ થયું. જેમાં પૂ. પૂરણસ્વામી, પૂ. મનનસ્વામી તથા પૂ. હરિવદનસ્વામીના સંત મંડળ સાથે હરિભક્તોમાં પ.ભ. શ્રી ગૌતમભાઈ પટેલ તથા પ.ભ. શ્રી વિશ્વભાઈ પટેલ વિચરણમાં જોડાયા હતા. તા. ૧૭ માર્ચ, ૨૦૨૩ ને શુક્રવારની સંધ્યાએ મુંબઈ એરપોર્ટથી પૂ. સંતોનું મંડળ ઑસ્ટ્રેલિયા જવા રવાના થયું.

### ઑસ્ટ્રેલિયા સત્સંગ વિચરણ

તા. ૧૮ માર્ચની મોડી રાત્રે મેલબોર્ન ખાતે એરપોર્ટ પર હરિભક્તોએ વ્હાલા હરિકૃષ્ણ મહારાજ તથા પૂ. સંતોનું પુષ્પગુચ્છ દ્વારા ભાવભીનું સ્વાગત કર્યું હતું. સૌના હૈયામાં અતિ આનંદ હતો. વળી, સોનામાં સુગંધ ભળે તેમ મેલબોર્ન ખાતે શ્રીહરિના સંકલ્પોને સાકાર સ્વરૂપ આપનાર અનેરા દિવ્ય ધામનું જ્યાં ભવ્ય નિર્માણકાર્ય થનાર છે એ દિવ્ય ભૂમિનો શિલાન્યાસ સમારોહ તા. ૨૬-૩-૨૦૨૩ના રોજ ભવ્ય રીતે ઊજવાયો હતો. વ્હાલા હરિકૃષ્ણ મહારાજના દિવ્ય સાંનિધ્યમાં વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના દિવ્ય આશીર્વાદ સમી સંકલ્પોની શિલાનું પૂજન કરી 'સર્વોપરી ઉપાસના' અને 'અનાદિમુક્તની સ્થિતિ'ના ખૂંટ ખોડાયા હતા. એ જ દિને ઇન્ડિયાથી ઑનલાઇન વ્હાલા ગુરુજીના દિવ્ય આશીર્વાદ પ્રાપ્ત થતાં સૌ અતિ આનંદ પામ્યા હતા. આ અવસરે આમંત્રિત મહેમાનોમાં ઑસ્ટ્રેલિયા સ્થિત Federal Minister of Parliament Mr. Jason Wood અને Minister of State Parliament for Tarneit Mr. Dylan Wight પણ હાજર રહી મંદિરનિર્માણના ભાવિ કાર્યને વેગ આપવામાં પોતાનો ફાળો નોંધાવ્યો હતો. જેમાં વિશેષ શ્રીજીમહારાજે સ્થાપિત પ્રણાલિકાના હેતુ દર્શાવતા 'મંદિરો શા માટે ?' વિષયક અદ્‌ભુત સંત પ્રવચનનો પૂ. પૂરણસ્વામીએ લાભ આપ્યો હતો. સૌ હરિભક્તો પ્રાસાદિક શિલાનું પૂજન તથા શિલા સ્થાપનનો લાભ લઈ સ્મૃતિ છબી સંભારણાં સાથે મહાપ્રસાદ લઈ છૂટા પડ્યા હતા. આ દિને આશરે ૬૦૦થી વધુ હરિભક્તોએ લાભ લીધો હતો.



સંસ્કાર એ સારા માનવીનું છૂપું ધન છે.





ઉપરાંત વિચરણના અન્ય દિવસોમાં મેલબોર્ન, બ્રિસ્બેન, સિડની તથા એડીલેટમાં હરિભક્તોની સત્સંગ વૃદ્ધિ માટેની પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. જેમાં ૨૩ મહિમા સભા, ૧૫ મહિમાગોષ્ઠિ, ૯ રાત્રિ સભા, ૮૪ પધરામણી, ૬ મહાપૂજા, ૨ સ્ટુડન્ટ સભા, ૩ સત્સંગ પ્રવાસ, ૨ ભક્તિયાત્રા, ૬ જાહેર સભા, ૮ બાળ સભા, ૪ SBS સભા, ૩ સત્સંગ શિબિરો, ૧ બાળ શિબિર તથા ૫ આદર્શ પ્રૉજેક્ટ સભા જેવા કાર્યક્રમોનો લાભ લઈ આશરે ૧૩૫૦ જેટલા હરિભક્તો સત્સંગમાં બળિયા થયા હતા.

**ન્યૂઝીલૅન્ડ સત્સંગ વિચરણ**

કોરોના બાદ ઘણા સમયની આતુરતાની ફળશ્રુતિ સ્વરૂપે ન્યૂઝીલૅન્ડના હરિભક્તોને વ્હાલા હરિકૃષ્ણ મહારાજ તથા પૂ. સંતોના સાંનિધ્યનો લાભ મળ્યો હતો. તા. ૧૪ એપ્રિલથી ૧૯ એપ્રિલ દરમ્યાનના છ-દિવસીય વિચરણમાં ન્યૂઝીલૅન્ડના ઑકલૅન્ડ સિટી ખાતે સત્સંગ કેન્દ્રમાં પૂ. સંતોની કથાવાર્તાના અખાડા શરૂ થયા. હરિભક્તોને વિચરણ દરમ્યાન ઘણા અવનવા કાર્યક્રમોનો પણ લાભ મળ્યો. જેમાં મહિમા સભા, મહિમાગોષ્ઠિ, રાત્રિ સભા, એક-દિવસીય સત્સંગ શિબિર, જાહેર સભા, ભક્તિયાત્રા તથા વિશેષતઃ વ્હાલા હરિકૃષ્ણ મહારાજના દિવ્ય અભિષેક ઉત્સવ સાથેનો સત્સંગ પ્રવાસ યોજાયો હતો. આમ, સૌ હરિભક્તોએ સત્સંગ સાથે પૂ. સંતોના સાંનિધ્યનો ખૂબ લહાવો લીધો હતો.

## બાળ સત્સંગ પરીક્ષા માટેનું નૂતન સાહિત્ય પ્રકાશન

# મારા મહારાજ મારા ગુરુજી

**:: પ્રાપ્તિસ્થાન ::**

**માત્ર સેન્ટરના બાળ મંડળમાં જ ઉપલબ્ધ**

**● પુસ્તિકાની વિશેષતાઓ :**

**૧. વ્હાલા ઘનશ્યામ મહારાજ તથા ગુરુજી પ્રત્યે મમત્વભાવ દૃઢ કરાવતા અદ્‌ભુત પ્રસંગો**


**૨. જીવનપરિવર્તનની પ્રેરણા આપતા આદર્શ પ્રસંગો**

**૩. સુંદર ગ્રાફિક્સ સાથે સચિત્ર રજૂઆત**

**૪. દિવ્ય પ્રસંગોની સંવાદ શૈલીમાં પ્રસ્તુતિ**

**૫. વિવિધ બોર્ડ એક્ટિવિટીઝ**

**૬. બાળ સત્સંગ પરીક્ષા માટે વિશેષ પ્રકાશન**







સત્પુરુષનો તાપ ચૈતન્યને વિશુદ્ધ બનાવે છે.

## ડિપાર્ટમેન્ટ ઓફ ન્યુરોફિઝિશયન



### ડૉ. કેયૂર મછાવડા

**MD, DNB**
**ન્યુરૉલૉજી (મુંબઈ)**
**કન્સલ્ટન્ટ ન્યુરૉફિઝિશયન**

**ઓ.પી.ડી. સમય : મંગળવાર, ગુરુવાર, શનિવાર**
**સવારે ૧૦થી ૧**

### ડૉ. જિજ્ઞેશ પ્રજાપતિ

**MD, DNB**
**ન્યુરૉલૉજી (બૅંગલૂરુ)**
**કન્સલ્ટન્ટ ન્યુરૉફિઝિશયન**



**ઓ.પી.ડી. સમય : સોમવાર, બુધવાર, શુક્રવાર**
**સવારે ૧૦થી ૧**

- **SMVS** સ્વામિનારાયણ હૉસ્પિટલમાં ડૉ. કેયૂર મછાવડા – કન્સલ્ટન્ટ ન્યુરૉફિઝિશયન [MD, DNB ન્યુરૉલોજી (મુંબઈ)] અને ડૉ. જિજ્ઞેશ પ્રજાપતિ – કન્સલ્ટન્ટ ન્યુરૉફિઝિશયન [MD, DNB ન્યુરૉલૉજી (બૅંગલૂરુ)] જે હવે ફુલટાઈમ સેવા આપે છે.

- ડૉ. કેયૂર મછાવડા અને ડૉ. જિજ્ઞેશ પ્રજાપતિ (ન્યુરૉફિઝિશયન) મગજ, કરોડરજ્જુ, નસો અને સ્નાયુના રોગોના નિષ્ણાત તરીકે ૮ વર્ષથી વધુ અનુભવ ધરાવે છે.

- મગજના અસાધ્ય રોગો જેવા કે પાર્કિનસન્સ, GBS, ખેંચ (વાઈ), લકવો જેવી સારવાર સૌથી રાહત દરે કરવામાં આવે છે.

- GBS, ખેંચ (વાઈ), બ્રેઈન સ્ટ્રોક (લકવો) જેવી બીમારીઓની સારવાર માટે ક્રિટિકલ કેર યુનિટની (ICUની) ફેસિલિટી સૌથી રાહત દરે ઉપલબ્ધ છે.

- મગજના રોગો જેવા કે આધાશીશી (માથાનો દુખાવો), ચક્કર આવવા, સાઈટિકા, કમરનો દુખાવો, ગરદનનો દુખાવો, ચાલવામાં તકલીફ પડવી, સ્નાયુના રોગો, ઊંઘની તકલીફ, હાથ-પગમાં ઝણઝણાટી (ખાલી ચડવી), યાદશક્તિના રોગો, મગજનો તાવ, કંપવા જેવી સારવાર સૌથી ઓછા દરે કરવામાં આવે છે.


SMVS SWAMINARAYAN HOSPITAL
A Humanitarian Hospital

**SMVS** સ્વામિનારાયણ હોસ્પિટલ
**SMVS** સ્વામિનારાયણ હોસ્પિટલ રોડ, સ્વામિનારાયણ ધામની બાજુમાં,
કોબા -ગાંધીનગર હાઇવે, ગાંધીનગર - 382 007.
**વધુ માહિતી માટે કોલ કરો :** 63 59 77 07 25
info@smvshospital.com
Follow us :
Emergency Help Line : 73 73 73 39 04 / 05 I www.smvshospital.com




સ્વને ઓળખી લે તેને પરની ઓળખ નહિ ગમે.

# મવડી (રાજકોટ) ખાતે નૂતન સત્સંગ કેન્દ્ર ઉદ્‌ઘાટન સમારોહ










મવડી (રાજકોટ) ખાતે કારણ સત્સંગના મંડળની શરૂઆત ઈ.સ. ૨૦૦૯માં થઈ હતી. ગુરુદેવ પ.પૂ. બાપજીના સંકલ્પે તથા વ્હાલા ગુરુજીની પ્રેરણાથી પૂ. સંતો અહીં રામકૃષ્ણ વિદ્યાલયમાં દર અઠવાડિયે સભામાં સત્સંગનો લાભ આપવા પધારતા હતા. પ.ભ શ્રી રમેશભાઈ અને સંજયભાઈ રૂડકિયા, ડાહ્યાભાઈ ભટ્ટી, પરાગભાઈ ટાંક, સુરેશભાઈ સરધારા, નિતેષભાઈ ગોંડલિયા તેમજ રમેશભાઈ ગદેધરિયા જેવા પાયાની ઈંટ સમા હરિભક્તોનો કારણ સત્સંગના પ્રચાર-પ્રસારમાં વિશેષ ફાળો રહ્યો હતો.

ઈ.સ. ૨૦૧૦માં નૂતન સત્સંગ કેન્દ્ર માટે જમીન સંપાદન કરવામાં આવી. જોતજોતામાં ઈ.સ. ૨૦૧૨માં તો અહીં શેડ બનીને તૈયાર થઈ ગયો. પૂ. સંતો અવારનવાર પધારી સત્સંગનું સિંચન કરતા અને મુમુક્ષુઓ ખેંચાવા લાગ્યા. સમય વીતતાં સત્સંગ સમાજ વધતો ગયો અને સત્સંગ કેન્દ્રની જરૂરિયાત જણાવા લાગી. ઈ.સ. ૨૦૨૨માં અહીં બાંધકામની શરૂઆત થઈ અને નૂતન સત્સંગ કેન્દ્ર બનીને તૈયાર થઈ ગયું. તા. ૨૪-૨-૨૦૨૩ના રોજ મવડી ખાતે સાંજે ૪થી ૮ દરમ્યાન વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના દિવ્ય સાંનિધ્યમાં નૂતન સત્સંગ કેન્દ્રનો ઉદ્‌ઘાટન સમારોહ ઊજવાઈ ગયો. વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજને પ્રાર્થના કરી પૂજન-અર્ચન, પ્રતિષ્ઠા વિધિ તથા મહાપૂજાનો લાભ લીધો હતો. ગુરુજીએ દિવ્ય આશીર્વાદ આપતાં જણાવ્યું હતું કે, "હે મહારાજ, આપનો સંકલ્પ બહુ પ્રબળ બન્યો છે માટે દયા કરી સૌને ખેંચજો. જે કોઈ ભાવથી આપનાં દર્શન કરે તેને આપની મૂર્તિનું સુખ આપજો." આમ, આજના પ્રસંગે ૭૦૦થી પણ વધુ હરિભક્તો ઉપસ્થિત રહી ધન્ય થયા હતા.

## પૂજારી તાલીમ

મહારાજ અને મોટાપુરુષનો સંકલ્પ કારણ સત્સંગને વિશ્વવ્યાપી કરવાનો છે. આ સંકલ્પ અનુસાર દેશ-વિદેશમાં મંદિરો સાકાર સ્વરૂપ લઈ રહ્યાં છે ત્યારે આપણા તમામ મંદિરોમાં મહિમાથી, પ્રગટભાવે તથા એકસૂત્રતાથી ઠાકોરજીની સેવા થાય તેવા હેતુથી ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના સંકલ્પથી તા. ૨૨-૪-૨૦૨૩ના રોજ સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર ખાતે મંદિર વહીવટ કાર્યાલય દ્વારા એક-દિવસીય પૂજારી તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ દશ્ય-શ્રાવ્ય માધ્યમો દ્વારા ઠાકોરજીની સેવામાં શું ધ્યાન રાખવું ? તે અંગે પ્રૅક્ટિકલ તાલીમ આપીને વિસ્તૃત સમજૂતી આપવામાં આવી હતી. આ તાલીમમાં ૮૮થી પણ વધુ પૂજારીમુક્તોએ ઉપસ્થિત રહી તાલીમ પ્રાપ્ત કરી હતી.

**માત્ર બાહ્યાચાર એ આંતરિક ખાલીપાનું પ્રતીક છે.**

**તા. ૨૫-૩-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **પંચમહાલ** ઝોનમાં **ગોધરા** ખાતે સાંપા, ધમાઈ, મંગલપુર, મંગલિયાણા આદિ ગ્રામ્ય તથા સિટી વિસ્તારમાં ૧૩ પધરામણીનો લાભ આપી પ્રેમીભક્તોના મનોરથ પૂરા કર્યા હતા. આજરોજ રાત્રિ સેશનમાં **વ્હાલા ગુરુજી**એ કિશોર સભા દરમ્યાન ૫૭૫થી વધુ કિશોરોને દિવ્યવાણીનો લાભ આપી સુખિયા કર્યા હતા.

**તા. ૨૬-૩-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **ગોધરા** ખાતે ઝોનલ શિબિર ઉપક્રમે પ્રથમ સેશનમાં AYP, પ્રિ-મુમુક્ષુ તેમજ ઘર ઘરના ૮૦૦થી પણ વધુ હરિભક્તોને અંગત શિબિર દરમ્યાન બળપ્રેરક દિવ્યવાણીનો લાભ આપી બળિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ રાત્રિ સેશન દરમ્યાન ઝોનલ શિબિર ઉપક્રમે આયોજિત યુવા સંમેલનમાં ૨૫૦૦થી પણ વધુ યુવાઓને 'દયા-કરુણા' વિષય પર સુધાવાણીનો લાભ આપી નવી દિશા ચીંધી હતી.

**તા. ૨૮-૩-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **ઈસનપુર** ખાતે ૬ હરિભક્તોના ગૃહે હરિકૃષ્ણ મહારાજ સંગે પધરામણીનો તથા ૧ રસોઈનો લાભ આપી હરિભક્તોના કાલાવાલા સ્વીકાર્યા હતા. આ પ્રસંગે ૩૦૦થી વધુ હરિભક્તો દર્શન-આશીર્વાદનો લાભ લઈ ધન્ય બન્યા હતા. આજરોજ સંધ્યા સેશનમાં **વ્હાલા ગુરુજી**એ **ઘાટલોડિયા** ખાતે ૧૯મા વાર્ષિક પાટોત્સવ તથા ગુરુદેવ પ.પૂ. બાપજીની મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે ૩૫૦૦થી પણ વધુ હરિભક્તોને અમૃતવાણીનો લાભ આપી કૃતાર્થ કર્યા હતા.

**તા. ૨૮-૪-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **મહેસાણા** ખાતે પ્રાતઃ સમયે પાટોત્સવ પ્રસંગે ૫૪૦થી પણ વધુ હરિભક્તોને દર્શન-આશીર્વાદનો લાભ આપી સુખિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ પ્રથમ સેશનમાં **વિસનગર, ખેરાલુ** તેમજ **ડભોડા** ખાતે ૫ પધરામણી તેમજ એક જાહેરસભાનો લાભ આપી ૩૦૦થી વધુ હરિભક્તોને ધન્ય કર્યા હતા. આજરોજ સંધ્યા સેશનમાં **વ્હાલા ગુરુજી**એ **મહેસાણા** ખાતે શહેર વિસ્તારમાં ૧૦ પધરામણી તથા એક મહાપૂજાનો લાભ આપીને હરિભક્તોના મનોરથ પૂર્ણ કર્યા હતા.

**તા. ૨૯-૪-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **મહેસાણા** ખાતે ઝોનલ શિબિર અન્વયે પ્રથમ સેશનમાં બળપ્રેરક દિવ્યવાણીનો લાભ આપી ૮૫૦થી પણ વધુ હરિભક્તોને સુખિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સંધ્યા સેશનમાં બાળ સંમેલન દરમ્યાન ૪૮૦થી પણ વધુ બાળકોને બાળશૈલીમાં દિવ્યવાણીનો લાભ આપી રાજીપો વરસાવ્યો હતો. આજરોજ રાત્રિ સેશનમાં **વ્હાલા ગુરુજી**એ ઝોનલ શિબિર ઉપક્રમે યુવા સંમેલન દરમ્યાન ૧૫૩૦થી વધુ યુવાઓને બળપ્રેરક દિવ્યવાણીનો લાભ આપી બળિયા કર્યા હતા.

**તા. ૩૦-૪-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **મહેસાણા** ખાતે ઝોનલ શિબિર અન્વયે પ્રાતઃ સેશનમાં અંગત શિબિર દરમ્યાન અમૃતવાણીનો લાભ આપી ૮૮૯થી પણ વધુ હરિભક્તોને નિકટ દર્શનનો લાભ આપી રાજીપો વરસાવ્યો હતો. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સાયંકાળે કિશોર સંમેલનમાં ૪૧૩થી પણ વધુ કિશોરોને સુધાવાણીનો લાભ આપી સુખિયા કર્યા હતા. આજરોજ રાત્રિ સેશનમાં યુવા સંમેલન દરમ્યાન **વ્હાલા ગુરુજી**એ હૃદયસ્પર્શી દિવ્યવાણીનો લાભ આપી ૧૬૧૦ યુવાઓને નવી દિશા ચીંધી હતી.

**તા. ૧-૫-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે પ્રાતઃ સમયે સંકલ્પ સભા દરમ્યાન દિવ્યવાણીનો લાભ આપી મુમુક્ષુઓને સુખિયા કર્યા હતા. આ પ્રસંગે ૨૩૯૯૦થી પણ વધુ હરિભક્તો પ્રત્યક્ષ તથા ઑનલાઇન ઉપસ્થિત રહી ધન્ય બન્યા હતા.

**તા. ૫-૫-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **વાસણા** ખાતે પૂનમ સમૈયામાં બળપ્રેરક દિવ્યવાણીનો લાભ આપી સર્વે હરિભક્તોને બળિયા કર્યા હતા. આ પ્રસંગે ૨૭૫૭૩થી પણ વધુ હરિભક્તો પ્રત્યક્ષ તથા ઑનલાઇન ઉપસ્થિત રહી ધન્ય બન્યા હતા.

**તા. ૬-૫-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **નવી મુંબઈ** ખાતે ઝોનલ શિબિર ઉપક્રમે પ્રથમ સેશનમાં અંગત શિબિર દરમ્યાન બળપ્રેરક દિવ્યવાણીનો લાભ આપી ૨૫૦થી વધુ હરિભક્તોને કૃતાર્થ કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સાયંકાળે ૪ પધરામણી તથા ૧ રસોઈનો લાભ આપી હરિભક્તોના કાલાવાલા સ્વીકાર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ રાત્રિ સેશનમાં યુવા સંમેલનમાં પ્રામાણિકતા વિષય ઉપર દિવ્યવાણીનો લાભ આપી ૮૦૦થી વધુ હરિભક્તોને દર્શન-આશીર્વાદનો લાભ આપ્યો હતો.

**તા. ૭-૫-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **કાંદિવલી (મુંબઈ)** ખાતે ૧ પધરામણી તથા અંગત શિબિર દરમ્યાન ૩૮૦થી વધુ હરિભક્તોને દર્શન-આશીર્વાદનો લાભ આપી સુખિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સાયંકાળે સભા દરમ્યાન બળપ્રેરક દિવ્યવાણીનો લાભ આપી ૭૪૫થી પણ વધુ હરિભક્તોને કૃતાર્થ કર્યા હતા.

**તા. ૧૨-૫-૨૦૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **વડોદરા** ખાતે સાયંકાળે ઝોનલ શિબિર ઉપક્રમે બાળ સંમેલનમાં ૪૨૦થી પણ વધુ બાળકોને આગવી શૈલીમાં દિવ્યવાણીનો લાભ આપી રાજી કર્યા હતા. આજરોજ રાત્રિ સેશનમાં કિશોર સંમેલન દરમ્યાન **વ્હાલા ગુરુજી**એ દિવ્યવાણીનો લાભ આપી ૩૫૫થી પણ વધુ કિશોરો ઉપર રાજીપાવર્ષા કરી હતી.

**તા. ૧૩-૫-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **વડોદરા** ખાતે પ્રાતઃ સમયે જ્ઞાન-ધ્યાન ચિંતન દરમ્યાન ઘર ઘરના ૧૫૦થી વધુ હરિભક્તોને અંગત લાભ આપીને સુખિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ શહેર વિસ્તારમાં ૧૯ પધરામણી તથા ૧ રસોઈનો લાભ આપી હરિભક્તોના મનોરથ પૂરા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **વાઘોડિયા ચોકડી** ખાતે નૂતન સિંહાસનમાં મહારાજ પધરાવ્યા હતા. આ પ્રસંગ નિમિત્તે રાત્રિ સેશન દરમ્યાન યોજાયેલ યુવા સંમેલનમાં બળપ્રેરક દિવ્યવાણીનો લાભ આપી ૧૬૦૦થી વધુ યુવાઓને જીવનનો નવો રાહ બતાવ્યો હતો.

**તા. ૧૪-૫-૨૦૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **વડોદરા** ખાતે ઝોનલ શિબિર અન્વયે પ્રાતઃ સમયે અંગત શિબિર દરમ્યાન ૯૨૫થી પણ વધુ હરિભક્તોને દિવ્યવાણીનો લાભ આપી રાજીપો વરસાવ્યો હતો. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **વડોદરા** ખાતે ઝોનલ શિબિર ઉપક્રમે રાત્રિ સેશન દરમ્યાન યુવા સંમેલનમાં પ્રામાણિકતા વિષય પર દિવ્યવાણીનો લાભ આપી ૧૭૦૦થી વધુ યુવાઓને આદર્શ જીવનની રીત શીખવી હતી.

**તા. ૧૫-૫-૨૦૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે પ્રાતઃ સમયે સંકલ્પ સભા દરમ્યાન દિવ્યવાણીનો લાભ આપી મુમુક્ષુઓને સુખિયા કર્યા હતા. આ પ્રસંગે ૨૧૬૪૭થી પણ વધુ હરિભક્તોએ પ્રત્યક્ષ તથા ઑનલાઇન ઉપસ્થિત રહી ધન્યતા અનુભવી હતી.

**અહમ્શૂન્ય અવસ્થા એ દાસત્વની ખરી નિશાની છે.**




















(૧-૪) નવી મુંબઈ તથા કાંદિવલી ખાતે વ્હાલા ગુરુજીનું ઝોનલ વિચરણ (૫-૮) સ્વામિનારાયણ ધામ ખાતે બાળપ્રવાસમાં પધારેલ પંચમહાલ, ઉના, સુરેન્દ્રનગર તથા ઘાટલોડિયાના બાળમુક્તોને દિવ્ય લાભ આપતા વ્હાલા ગુરુજી

Ghanshyam, June-2023. Published on 10-06-2023. Post at SRO Gandhinagar. 10th to 13th on Every Month. Licenced to Post without prepayment No. PMG/NG/060/ 2021-23, Valid up to 31-12-2023. Regd No. G-GNR-315/ 2021-23, Extended up to 31-12-2023. RNI No. 33267/78.
Printed Sadhu Purnaswarupdas, Published by Sadhu Bhaktvatsaldas on Swaminarayan Mandir Vasna Sanstha (SMVS) and at Vibrant Image Basement, Hi-Tech Complex, Paldi, Ahmedabad 380007 and Published at Swaminarayan Dham, Koba-Gandhinagar Highway, Gandhinagar-7. Editor-Narendrabhai R. Trivedi.







પુષ્પના તેમજ ચંદનના વાઘામાં દર્શન આપતા શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ



# ગુરુપૂર્ણિમા ઉત્સવ-૨૦૨૩

**વ્હાલા ગુરુજીનાં દર્શન-આશીર્વાદનો અણમોલ લાભ...**
**વર્ષની ૧૨ પૂનમો પૈકી અગિયાર પૂનમ શિષ્યોની જ્યારે એક પૂનમ ગુરુની હોય છે. તે મંગળકારી દિન એટલે ગુરુપૂર્ણિમા – અષાઢ સુદ પૂનમનો દિન. આ દિવ્ય પ્રસંગે ગુરુજીનાં પૂજન-દર્શનનો અણમોલ લાભ લેવા માટે, દર વર્ષે જે તે ઝોનના હરિભક્તોએ અચૂક આ દિવ્ય લાભ લેવો.**

**ખાસ સૂચના :**

- બાકી રહેલા તમામ ઝોનમાં વ્હાલા ગુરુજી દર્શનદાન આપવા પધારી સૌને સુખિયા કરશે. સર્વે હરિભક્તોએ ગુરુજીને રાજી કરવા વ્યવસ્થામાં સહકાર આપવા વિનંતી.
- મિત્રવર્તુળ તથા સગાંસંબંધી સહિત પધારવા ભાવભર્યું નિમંત્રણ.

### અમદાવાદ ઝોન

તા : ૩-૭-૨૦૨૩, સોમવાર ● સમય : સવારે ૯થી ૧૨
સ્થળ : શ્રી સ્વામિનારાયણ મંદિર - વાસણા, અમદાવાદ

**સૂચના :**

- આજના દિને માત્ર અમદાવાદ તથા ગાંધીનગર ઝોનના મુક્તોએ જ લાભ લેવા આવવાનું રહેશે.
- આ સિવાય અન્ય ઝોનમાંથી માત્ર આમંત્રિત મુક્તોએ જ લાભ લેવા પધારવાનું રહેશે.

### પંચમહાલ ઝોન

તા. ૨-૭-૨૦૨૩, રવિવાર ● સમય : સવારે ૯થી ૧૨
સ્થળ : શ્રી સ્વામિનારાયણ મંદિર, ગોધર

**સૂચના :**

- પંચમહાલ ઝોનના સર્વે હરિભક્તોએ આજના દિવસે ગુરુજીનાં પૂજન તથા દર્શનનો લાભ લેવા પધારવાનું રહેશે.